પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 31-10-2026 I VOL : 12 I Issue : 226 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

માફ કરવું નબળાઈ નહીં, મનની મજબૂતી છે.

3 ગુજરાતભરમાં મહાઆક્રોશ: "કિસાન અધિકાર ધરણાં"થી ધણધણી ઉઠ્યું રાજ્ય!

4 ભારતની આર્થિક ક્રાંતિ: 12 વર્ષમાં 49.6 કરોડ લોકો ગરીબી રેખાથી બહાર...

6 હોલિવૂડના દિગ્ગજ અભિનેતા પેટ્રિક સ્ટુઅર્ટનું 86 વર્ષની વયે...

7 ભારતની T20માં ન્યૂઝીલેન્ડ સામે સૌથી મોટી હાર

વિપક્ષી ગઠબંધન INDIA બ્લોક 1 નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં 'વોટ બચાવો, દેશ બચાવો' રેલી યોજશે

જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મહાભિયોગ કાર્યક્રમ આજે યોજાશે: રાહુલે કહ્યું- આ બંધારણ બચાવવાની લડાઈ

નવી દિલ્હી

દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને આજે યોજાનાર 'સડક પર સંસદ' કાર્યક્રમ શનિવારે યોજાશે. રાહુલ ગાંધીએ આ જાહેરાત શુક્રવાકે કરેલી પ્રેસ કોન્ફરન્સમાં કરી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું- અમે વરસાદને કારણે આજનો કાર્યક્રમ આવતીકાલે યોજવાનો નિર્ણય કર્યો છે. ત્યારબાદ બીજા દિવસે અમે રામલીલા મેદાનમાં માર્ચ કરીશું. તેમાં રાજકીય અને વિદ્યાર્થી સંગઠનો તેમજ તમામ લોકોને આવવાની અપીલ છે. 'સડક પર સંસદ' કાર્યક્રમમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે મહાભિયોગ લાવવામાં આવશે. જાહેર મહાભિયોગમાં જનતા અથવા રાજકીય પક્ષ કોઈ બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ સામે વિરોધ વ્યક્ત કરે છે. વિપક્ષી ગઠબંધન INDIA બ્લોક 1 નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં 'વોટ બચાવો, દેશ બચાવો' રેલી યોજશે. સપા નેતા ધર્મેન્દ્ર યાદવે કહ્યું, 'સમગ્ર વિપક્ષ જે લડાઈ લડી રહ્યો છે તેને દેશના લોકો હવે સમજી ગયા છે. તેઓ સમર્થન કરી રહ્યા છે. યુપીમાં એમએલસી ચૂંટણીમાં આ વાતથી ભાજપને અહેસાસ થયો કે તેઓ કેટલા પાછળ છે. જે બેઠકો તેઓ જીત્યા છે તે છેતરપિંડીથી જીતી છે. તમામ બેઠકો પર શિક્ષિત લોકોએ સપાને મજબૂત બનાવી છે.'

ચેમ્બર ઑફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI)એ કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીને 1 નવેમ્બરે

યોજાનારી કોંગ્રેસની મેગા રેલી સ્થગિત કરવાની અપીલ કરી છે. CTIએ આ પહેલાં ત્રણ વખત રાહુલ ગાંધીને પત્ર લખ્યો હતો.

CTIના જણાવ્યા અનુસાર, રેલીને કારણે 20 બજારોમાં 10,000-12,000 કરોડ રૂપિયાના વેપાર પર અસર પડી શકે છે.

'કોંગ્રેસે દેશનિર્માણ માટે બેંકો બનાવી અને મોદી સરકાર એને વેચી રહી છે...', IDBI મામલે રાહુલ ગાંધીના પ્રહાર

IDBI બેંકના ખાનગીકરણને લઈને રાજકીય વિવાદ વકર્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બેંકના કર્મચારીઓનું સમર્થન કરતાં કેન્દ્ર સરકારના નિર્ણય પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે IDBI બેંકને કેનેડાની કંપની Fairfax Financial Holdingsને વેચવાના નિર્ણયનો વિરોધ કર્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે સરકારી બેંકો વેચી નાખવાની સંપત્તિ નથી, પરંતુ દેશના નિર્માણનાં સાધનો છે. IDBI બેંકના કર્મચારીઓને લખેલા ખુલ્લા પત્રમાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે ગયા વર્ષે માર્ચમાં બેંકના કર્મચારીઓનું એક પ્રતિનિધિમંડળ સંસદ ભવનમાં તેમને મળ્યું હતું. કર્મચારીઓએ સવાલ કર્યો હતો કે જે બેંકને તેમણે નફાકારક બનાવી છે, તેને સરકાર શા માટે વેચી રહી છે? રાહુલ ગાંધીએ આ મુદ્દો લોકસભામાં પણ ઉઠાવ્યો હતો, પરંતુ સરકાર તરફથી સંતોષકારક જવાબ મળ્યો નહોતો.

'સંમતિથી બનેલા સંબંધો બ્રેકઅપ પછી બળાત્કાર નથી': સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટ બોલ્યું- દરેક તૂટેલા સંબંધને બળાત્કારના કેસમાં ફેરવવું ખોટું; આરોપી નિર્દોષ જાહેર

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે પુખ્ત યુવક-યુવતી વચ્ચે પરસ્પર સંમતિથી બનેલા શારીરિક સંબંધોને બ્રેકઅપ પછી બળાત્કાર ગણી શકાય નહીં. કોર્ટે લગ્નનું વચન આપીને સંબંધ બાંધવાના આરોપવાળા કેસમાં એક વ્યક્તિને આરોપોમાંથી મુક્ત કરી દીધો. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે કહ્યું કે પ્રેમ અને પરસ્પર સંમતિથી બનેલા સંબંધોને બ્રેકઅપ પછી ગુનો બનાવી શકાય નહીં. દરેક તૂટેલા સંબંધને બળાત્કારનો કેસ બનાવવો ખોટું છે. જોકે, જો શરૂઆતથી જ લગ્નનું ખોટું વચન આપીને અથવા છેતરપિંડીથી સંમતિ મેળવવામાં આવી હોય, તો મામલો અલગ હશે. આવા કેસોમાં એ જોવું જરૂરી છે કે સંમતિ ખરેખર છેતરપિંડી પર આધારિત હતી કે નહીં.

બળાત્કારના આરોપનો ડર બતાવવો ખોટું: કોઈ પુરુષે માત્ર એટલા માટે કે તેણે સંબંધ સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે, તેના વિરુદ્ધ ફોજદારી કેસ નોંધવો યોગ્ય નથી.

બળાત્કારના આરોપનો ડર બતાવીને કોઈપણ વ્યક્તિને બળજબરીથી સંબંધમાં જળવાઈ રહેવા માટે મજબૂર કરી શકાય નહીં. બળાત્કારના કાયદાનો દુરુપયોગ ન થવો જોઈએ.

95 વર્ષ બાદ વસતી ગણતરીમાં હવે જાતિ પૂછવામાં આવશે

નવી દિલ્હી

દેશમાં વસતી ગણતરીનો બીજો તબક્કો 25 જાન્યુઆરી 2027થી શરૂ થશે, જે 28 ફેબ્રુઆરી સુધી ચાલશે. આ વખતે 40 પ્રશ્નો પૂછવામાં આવશે. વસતી ગણતરીમાં ઘરોની ગણતરીનો પહેલો તબક્કો જૂન 2026માં પૂર્ણ થઈ ચૂક્યો છે. સૌથી મોટી વાત એ છે કે 95 વર્ષ બાદ એટલે કે 1931 પછી પહેલી વાર દેશમાં જાતિ ગણતરી કરવામાં આવી રહી છે. મણિપુર, ગોવા, ઉત્તર પ્રદેશ, પંજાબ અને ઉત્તરાખંડ–આ 5 રાજ્યોને છોડીને સમગ્ર દેશમાં વસતી ગણતરી કરવામાં આવશે. આ રાજ્યોમાં 2027ની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે. બરફવર્ષાવાળા વિસ્તારો–લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં વસતી ગણતરી કરવામાં આવશે નહીં. સરકારની અધિસૂચના મુજબ 10થી 24 જાન્યુઆરી 2027 સુધી તમે પોતે પોર્ટલ પર માહિતી ભરી શકો છો. આ ભારતની પહેલી ડિજિટલ વસતી ગણતરી છે. સંદર્ભ તારીખ 1 માર્ચ 2027ના રોજ 00:00 વાગ્યે એટલે કે રાત્રે 12 વાગ્યે રહેશે. ગૃહ મંત્રાલય હેઠળ ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા સેન્સસ એક્ટ 1948ની કલમ 3 હેઠળ આદેશ જારી કરવામાં આવ્યો છે. આશરે 30 લાખ ગણતરીકર્તાઓ અને સુપરવાઈઝરો ટેબલેટ/મોબાઈલ એપ દ્વારા માહિતી એકત્રિત કરશે.

જમ્મુ-કાશ્મીરમાં દેશવિરોધી કૌભાંડનો મોટો પર્દાફાશ: TRF સાથે જોડાયેલા 10 સભ્યોની ધરપકડ કરાઈ

શ્રીનગર

જમ્મુ-કાશ્મીર પોલીસે શોપિયાંમાં આતંકવાદી ફંડિંગ કરનારા એક નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે લશ્કર-એ-તૈયબા (LeT) અને ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) સાથે જોડાયેલા 10 સભ્યોની ધરપકડ કરી

છે. પોલીસના જણાવ્યા મુજબ, આ નેટવર્કના સંબંધ કેન્દ્રશાસિત પ્રદેશની અલગ-અલગ જેલોમાં બંધ આતંકવાદીઓ અને તેમના સહયોગીઓ સાથે હતા. આ મામલે વધુ લોકોની ધરપકડ થઈ શકે છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ લોકો પાસેથી ગુપ્ત રીતે પૈસા ભેગા કરતા હતા. ત્યારબાદ આ પૈસાને નાણાકીય નેટવર્ક દ્વારા આતંકવાદીઓ સુધી પહોંચાડવામાં આવતા હતા, જેથી તેમની પ્રવૃત્તિઓમાં મદદ કરી શકાય. ધરપકડ કરાયેલા આરોપીઓમાં શોપિયાંના સૈદપોરા બાલાના ઓવૈસ શફી નાઈકૂ, રાવલપોરાના તજામુલ અહમદ શાહ, ચિત્રગામ કલાંના મોજ ઈરબાલ અને ઈમદાદ યુસુફ ગનાઈનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પુલવામાના મુર્રનના સાકિબ ઝહૂર વાની અને લિયાકત નઝીર લોન, અરમોહના આમિર અહમદ ગનાઈ, શોપિયાંના ટ્રેંજ સ્થિત નાદીગુંડના ફિરદૌસ ઠોકર તથા કઠુઆના ચેક હરિયાના મોહમ્મદ હનીફ અને કાજુની પણ ધરપકડ કરવામાં આવી છે.

એક નજર...

અદિતિનો રોયલ શિમરી લુક: શોર્ટ ડ્રેસમાં આપ્યા કિલર પોઝ

પોતાની સુંદરતા અને ક્લાસી ફેશન સેન્સ માટે જાણીતી અભિનેત્રી અદિતિએ તાજેતરમાં સિલ્વર અને ગોલ્ડન ડિટેલિંગ વાળા આકર્ષક શિમરી શોર્ટ ડ્રેસમાં પોતાનો નવો ફેશનેબલ લુક શેર કર્યો છે. આ સુંદર સિક્યુઇન આઉટફિટ સાથે અદિતિએ સિલ્વર સ્ટ્રેપી હીલ્સ, ગ્લેમરસ રેડ લિપસ્ટિક અને મેચિંગ ઈયરરિંગ્સ કેરી કરીને પોતાના લુકમાં ચાર્મ ઉમેર્યો છે.

NEWS TRACK

ભુતાનમાં ફાટ્યું ગ્લેશિયર લેક: ભારત પર જળપ્રલયનું સંકટ, બંગાળ-આસામમાં ઘર ખાલી કરાવવા આદેશ

ભારતના પાડોશી દેશ ભૂતાનના ગાસા જિલ્લામાં શિંતાફૂ ગ્લેશિયર ફાટવાની (Glacial Lake Outburst Flood - GLOF) હોનારત સામે આવી છે. શિંતાફૂ સરોવર ફાટવાને કારણે વિશાળ માત્રામાં પાણી મોફુર નદી થઈને સંકોશ નદી તરફ ધસમસતી ગતિએ આગળ વધી રહ્યું છે. આ બનાવને પગલે ભારત સરકાર અને હવામાન વિભાગ દ્વારા પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર અને આસામના ધુબરી જિલ્લા સહિત ઉત્તર બંગાળના વિવિધ વિસ્તારોમાં ખાસ પૂરની એડવાઈઝરી અને હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. રાતોરાત લગભગ 10000 લોકોને સુરક્ષિત સ્થાનોએ ખસેડવામાં આવ્યા હતા. ભારતના પાડોશી દેશ ભૂતાનના ગાસા જિલ્લામાં શિંતાફૂ ગ્લેશિયર ફાટતા મોટી હોનારત સર્જાઈ છે. શિંતાફૂ સરોવર ફાટવાને કારણે મોફુર અને સંકોશ નદીમાં પાણી ધસમસતું આગળ વધી રહ્યું છે. આને પગલે ભારતે પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર અને આસામના ધુબરી સહિત ઉત્તર બંગાળમાં પૂરની એડવાઈઝરી અને હાઈ એલર્ટ જારી કર્યું છે.

5 મિનિટમાં ગૂગલને 48 લાખ કરોડનું નુકસાન, AI નો ફૂગ્ગો ફૂટ્યો, આલ્ફાબેટ શેરમાં કડાકો

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે મોટા રોકાણને કારણે રોકાણકારોની ચિંતા વધી છે. ગૂગલની પેરેન્ટ કંપની અલ્ફાબેટના શેરમાં 13.2 ટકાનો કડાકો બોલાતા માત્ર 5 મિનિટમાં 48 લાખ કરોડ રૂપિયાનું માર્કેટ કેપિટલાઈઝેશન ધોવાયું હતું. વેચાણ અંદાજ કરતાં ઓછું રહેવા અને જાહેરાત આવકમાં સુસ્તી આવતા રોકાણકારોમાં ગભરાટ ફેલાયો હતો. કંપનીના ત્રિમાસિક પરિણામો જાહેર થયા બાદ આ સ્થિતિ સર્જાઈ હતી. અમેરિકા હોય કે ચીન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રમાં થઈ રહેલા અતિશય રોકાણને લઈને હવે રોકાણકારોની ચિંતા વધી રહી છે. તેની અસર ગૂગલની પેરેન્ટ કંપની અલ્ફાબેટના શેર પર પણ જોવા મળી છે. કંપનીના ત્રિમાસિક પરિણામો જાહેર થયા બાદ તેના શેરમાં 13.2 ટકા સુધીનો કડાકો બોલાયો હતો. આટલી મોટા ઘટાડાને કારણે માત્ર 5 મિનિટમાં કંપનીના માર્કેટ કેપિટલાઈઝેશનમાં આશરે 48 લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું હતું. કંપનીના વેચાણના આંકડા અંદાજ કરતાં ઓછા રહેવા અને જાહેરાતની આવકમાં સુસ્તી આવતાં રોકાણકારોમાં ગભરાટ ફેલાયો હતો.

અમદાવાદનું વાંચ ગામ એટલે જાણે મોતનું કારખાનું

PI પરમાર અને વહીવટદાર કલ્પેશ ભરવાડની મેળાપીપણામાં વિવેકાનંદનગર બન્યું 'મિનિ ગોવા', ફટાકડાના ગેરકાયદેસર ધમધમતા કારખાના અને હપ્તાશાહીથી લોકોના જીવન જોખમમાં!

સ્થાનિક રિપોર્ટ: અમદાવાદ / વાંચ ગામ

પાક્કો ગુજરાત ન્યૂઝ

અમદાવાદ જિલ્લામાં આવેલા વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનની હદમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે છિન્નભિન્ન થઈ ચૂક્યા છે. અમદાવાદનું વાંચ ગામ આજે ગુજરાતના 'શિવકાશી' તરીકે કુખ્યાત થઈ રહ્યું છે, પરંતુ આ ઓળખ પાછળ માસૂમ બાળકોના લોહી, ગેરકાયદેસર કૌભાંડો અને લોકોની જિંદગી સાથે ખેલ કરતો ભયાનક ખેલ છુપાયેલો છે. વાંચ ગામ અને આખા વિવેકાનંદનગર વિસ્તારમાં કોઈ પણ પ્રકારની સરકારી મંજૂરી વિના, ફાયર સેફ્ટીના સાધનો વગર ફટાકડા બનાવવાની ફેક્ટરીઓ અને ગોડાઉનો બેફામ ધમધમી રહ્યા છે.

નાના માસૂમ બાળકો પાસે જોખમી અને ઝેરી વાતાવરણમાં કામ કરાવીને તેમનું ભવિષ્ય રોળવવામાં આવી રહ્યું છે, ત્યારે તંત્ર અને ખાખી વર્દી સંપૂર્ણપણે મોં સીવીને બેઠી છે. સમગ્ર વિવેકાનંદનગર વિસ્તારમાં ૧,૦૦૦થી વધુ ગેરકાયદેસર દુકાનો અને કારખાનાઓ ચાલી રહ્યા છે, જ્યાં સેકન્ડોના હિસાબે ઘાતક દુર્ઘટના સર્જાવાનો ભય તોળાઈ રહ્યો છે. ફાયર સેફ્ટીના નિયમોના ધજાગરા ઉડાવીને ચાલતા આ કારોબાર સામે જવાબદાર અધિકારીઓ ઘોર નિદ્રામાં સોઈ રહ્યા છે.

PI પરમાર અને વહીવટદાર કલ્પેશ ભરવાડનું હપ્તા રાજ: એક સ્ટોલના રૂ. 50,000નો તોતિંગ હપ્તો!

સૂત્રો પાસેથી મળતી અત્યંત ચોંકાવનારી વિગતો મુજબ, આ સમગ્ર ભ્રષ્ટાચારના તાણાવાણા વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન સાથે સીધા જોડાયેલા છે. PI પરમારની છત્રછાયા હેઠળ તેમનો ખાસ વહીવટદાર કલ્પેશ ભરવાડ આખા વિસ્તારમાં હપ્તાશાહીનું સામ્રાજ્ય ચલાવી રહ્યો છે! કલ્પેશ ભરવાડ દ્વારા માત્ર એક જ સ્ટોલ કે દુકાન દીઠ રૂ. ૫૦,૦૦૦ સુધીની મોટી રકમ હપ્તા પેટે ઉઘરાવવામાં આવી રહી હોવાના ગંભીર આરોપો સામે આવ્યા છે.

તોતિંગ રકમ ખિસ્સામાં સરકાવી લીધા બાદ ગેરકાયદેસર ધંધાર્થીઓને ખુલ્લો દોર આપી દેવાય છે. જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક ફરિયાદો કરવા છતાં પીઆઈ પરમાર અને વહીવટદાર કલ્પેશ ભરવાડ સામે કોઈ જ કાર્યવાહી થતી નથી. જો આ ગેરકાયદેસર ફટાકડાના ગોડાઉનોમાં કોઈ મોટી આગ કે વિસ્ફોટ થશે અને નિર્દોષ નાગરિકો હોમાઈ જશે, તો તેનો જવાબદાર કોણ ગણાશે? પીઆઈ પરમાર, ફાયર ઓફિસર કે રાજકીય આકાઓ? નેતાઓ, ધારાસભ્ય અને સાંસદ પણ જો આ ગંભીર મામલે મૌન ધારણ કરી બેસશે, તો જનતાનો કાયદા પરથી વિશ્વાસ ઉઠી જશે.

દારૂની ભઠ્ઠીઓ અને બુટલેગરો બેફામ: આખો વિસ્તાર બન્યો 'મિનિ ગોવા'!

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, PI પરમાર અને વહીવટદાર કલ્પેશ ભરવાડની કૃપાથી આખો વિસ્તાર જાણે 'મિનિ ગોવા' બની ગયો હોય તેવો ઘાતક માહોલ સર્જાયો છે! ખુલ્લેઆમ કેમિકલયુક્ત અને ઝેરી દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. વહીવટદાર કલ્પેશ ભરવાડ ઉઘરાણાં કરવામાં મસ્ત છે, જેના લીધે વિવેકાનંદનગરમાંથી રોજેરોજ વિદેશી તથા દેશી દારૂનો જથ્થો સહેલાઈથી અમદાવાદ શહેરમાં ઘુસાડવામાં આવે છે.

રાજ્યના ઉપમુખ્યમંત્રી દ્વારા દારૂબંધી અને કાયદાનું પાલન કરાવવા આપેલી આકરા આદેશોની વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં સરેઆમ અવગણના થઈ રહી છે. ઈંગ્લિશ દારૂનો વેપાર એટલી હદે બેફામ બન્યો છે કે બુટલેગરોને કાયદા કે પોલીસનો કોઈ ડર જ રહ્યો નથી. અમારા રિપોર્ટરે જ્યારે એક બુટલેગરનો પદાફાશ કરવા પૂછપરછ કરી, ત્યારે તેણે કેમેરા સામે ખુલ્લેઆમ દાવો કર્યો હતો કે, 'અમારે પોલીસ સ્ટેશનમાં PI પરમાર અને LCBમાં ફુલ હપ્તો જાય છે, કલ્પેશ ભરવાડ બધું સેટિંગ રાખે છે એટલે અમારે કોઈ વાંધો નથી આવતો!'

નિષ્કર્ષ અને સળગતા સવાલો

પોલીસ અને બુટલેગરોની આ વરવી મિલીભગત તેમજ ખુલ્લી હપ્તાશાહીને કારણે વિવેકાનંદનગર અને વાંચ ગામના નિર્દોષ નાગરિકોનું જીવવું હરામ થઈ ગયું છે. લોકો સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. શું ખાખી વર્દીને દાગ લગાડતા PI પરમાર અને વહીવટદાર કલ્પેશ ભરવાડ જેવા ભ્રષ્ટ તત્વો સામે ગૃહ વિભાગ કોઈ કડક કાર્યવાહી કરશે?

પાક્કો ગુજરાત ન્યૂઝના આ સળગતા અને ઘાતક અહેવાલ બાદ હવે જોવાનું એ રહેશે કે અમદાવાદ જિલ્લા પોલીસ વડા અને રાજ્યનું ગૃહ મંત્રાલય આ 'મિનિ ગોવા' બનાવી દેનારા ભ્રષ્ટ અધિકારીઓ અને બુટલેગરોના સામ્રાજ્ય પર ક્યારે બુલડોઝર ફેરવે છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

પાખંડના સિંહાસન પર બેઠેલો કુકર્મી 'કુસાધુ' સાગરચંદ્ર સાગર

પાલીતાણાની પવિત્ર ભૂમિ પર પાપનો છાયો, જૈન સમાજમાં આક્રોશનો મહાજ્વાળામુખી!!

- સાધુના વેશમાં છુપાયેલા વરુનો ખુલ્લો ચહેરો: અશ્લીલ હરકતો, સાધ્વીઓના શોષણ અને કરોડોના બેનામી સામ્રાજ્ય પર 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો સૌથી મોટો પ્રહાર!
- દાનપુણ્યના પૈસાથી ઊભા કર્યા મોજશોખના અડ્ડા: જો પાક-સાફ હોય તો અંધભક્તોનો ઓટલો છોડીને સામે કેમ નથી આવતો કથિત આચાર્ય? મૌન એ જ ગુનાની કબૂલાત!
- ઉજ્જૈનથી પાલીતાણા સુધી આરપારનો જંગ: ટૂંક સમયમાં પ્રેસ કોન્ફરન્સમાં પુરાવા સાથે ફૂટશે પાપનો ઘડો, KSK FIR નોંધાશે!

અમદાવાદ

જૈન ધર્મની અનન્ય આસ્થા, તપ અને ત્યાગનું પરમ શાશ્વત તીર્થધામ એટલે શ્રી પાલીતાણા ગિરિરાજ. જે પવિત્ર તપોભૂમિ પર ભગવાન મહાવીર સ્વામીના પદચિહ્ન અને અનંત મુનિ ભગવંતોની સાધનાનો પ્રકાશ ઝળહળે છે, તે જ પાવન દર્શનધામને સાધુના વેશમાં છુપાયેલા એક કથિત આચાર્ય સાગરચંદ્ર સાગર અને તેની મંડળી દ્વારા કલંકિત કરવાના ઘોર કાવતરાથી સમગ્ર દેશના જૈન સમાજમાં ભારે ઉકળાટ વ્યાપી ગયો છે. ધર્મની ચાદર ઓઢીને અધર્મ અને કુકર્મનું સામ્રાજ્ય ચલાવનારા આ 'કુસાધુ' સામે હવે જૈન સંઘો, યુવાનો અને સાચા શ્રદ્ધાળુઓએ આરપારની લડાઈનું બ્યુગલ ફૂંકી દીધું છે.

મૌન એ જ ગુનાનો સૌથી મોટો પુરાવો: ક્યાં સુધી છુપાશે અંધભક્તોની ઓછાયામાં?

સાધુતાના નામે ધબ્બો બની ચૂકેલા આ કથિત આચાર્ય પર અત્યંત ગંભીર અને રુંવાડા ઊભા કરી દે તેવા આરોપો લાગ્યા છે, પરંતુ તે મૌન ધારણ કરીને બેઠો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સીધો સવાલ પૂછે છે–જો સાગરચંદ્ર સાગર નિર્દોષ હોય, તો તે સમાજ અને મીડિયા સામે આવીને પોતાની સફાઈ આપવાની હિંમત કેમ નથી દાખવી રહ્યો?

સચ્ચાઈનો સામનો કરવાના બદલે પોતાના અંધભક્તોને આગળ ધરીને મીડિયાને ગેરમાર્ગે દોરવાનો અને ઢાલ બનાવવાનો પ્રયાસ જ એ વાતનો ૧૦૦ ટકા પુરાવો છે કે તેના પર લાગેલા તમામ આરોપો રજમાત્ર પણ જૂઠા નથી. વાયરલ થયેલી અશ્લીલ તસવીરો, માસૂમ સાધ્વીઓ અને લાચાર મહિલાઓ પર આચરવામાં આવેલા અત્યાચારોનો કાળો કાચો ચિઠ્ઠો હવે પૂરેપૂરો સામે આવી ચૂક્યો છે. પોતાની અંતરાત્માનો અવાજ અને આ કાયરતાપૂર્ણ મૌનથી તે પોતે જ પોતાના ગુનાઓ પર મહોર મારી રહ્યો છે!

દાનની તિજોરીમાંથી મોજશોખ: શ્રદ્ધાળુઓની પરસેવાની કમાણી પર ડાકો!

દેશભરના જૈન શ્રદ્ધાળુઓ જીવદયા, માનવસેવા અને જિનશાસનની પ્રભાવના માટે પોતાની મહેનતની કમાણીમાંથી પાઈ-પાઈ દાન કરે છે. પરંતુ આ કુકર્મીએ ધર્મના નામે આવેલા તે જ પાવન દાનનો ઉપયોગ પોતાની અંગત સુખ-સુવિધાઓ, બેનામી મિલકતો અને અય્યાશીના અડ્ડા ઊભા કરવામાં કર્યો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સમગ્ર જૈન સમાજને અપીલ કરે છે:

૧. વેશમાંથી બેદખલ કરો: જિનશાસનને કલંકિત કરનારા આ કથિત આચાર્યને તાત્કાલિક સાધુના વેશમાંથી બહાર ફેંકી દેવામાં આવે.

૨. કાળી કમાણી જપ્ત કરો: શ્રદ્ધાળુઓના દાનથી ઊભી કરાયેલી આ કુસાધુની તમામ ચલ-અચલ મિલકતો સમાજ પોતાના કબજામાં લે.

૩. જનહિતમાં થાય પૈસાનો ઉપયોગ: આ પૈસાનો ઉપયોગ જૈન સમાજ અને આમ જનતા માટે નિઃશુલ્ક હોસ્પિટલો, શાળાઓ, કોલેજો અને ગૌશાળાઓ બનાવવા માટે કરવામાં આવે.

પીડિત સાધ્વીઓ અને મહિલાઓને અપીલ–'પાક્કો ગુજરાત ન્યૂઝ' બનશે તમારી ઢાલ!

આચાર્ય પદની ઓથ હેઠળ આ વરુના અત્યાચાર અને શોષણનો ભોગ બનેલી માસૂમ સાધ્વીઓ કે મહિલાઓને અમે વિશેષ અપીલ કરીએ છીએ. જો તમે આ કુસાધુ સામે તમારો અવાજ બુલંદ કરવા માંગતા હોવ, તો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' તમારી સાથે ખડકમાળની જેમ મક્કમતાથી ઊભું છે. તમારી ઓળખ, નામ અને સરનામું સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. જો તમારી પાસે આ કુસાધુના કાળા કારનામા, અશ્લીલ હરકતો કે કાળી કમાણીનો કોઈ પણ પુરાવો હોય, તો અમારી નિડર પત્રકારત્વ ટીમનો નિઃસંકોચ સંપર્ક કરો. અમે આ પૂરા કૌભાંડને ખુલ્લું પાડીને આ ભ્રષ્ટ આચાર્યને જેલના સળિયા પાછળ ધકેલીશું.

ઉજ્જૈન અને પાલીતાણામાં મહાસંગ્રામ: ઉજ્જૈન પ્રેસ કોન્ફરન્સમાં થશે આખરી પ્રહાર!

આગામી દિવસોમાં આ ઢોંગી આચાર્ય સામે ઉજ્જૈન અને પાલીતાણાની પવિત્ર ધરતી પર અભૂતપૂર્વ, ઐતિહાસિક અને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. ઉજ્જૈનમાં યોજાનારી એક વિશાળ રાષ્ટ્રીય પ્રેસ કોન્ફરન્સમાં નક્કર અને સચોટ પુરાવાઓ સાથે આ સમગ્ર મહાકૌભાંડ અને કામલીલાનો પર્દાફાશ કરવામાં આવશે, જેથી મધ્ય પ્રદેશ સહિત સમગ્ર દેશનો જૈન સમાજ આ ભ્રષ્ટ આચાર્ય અને તેના સાગર સમુદાયમાં છુપાયેલા અન્ય કુસાધુઓના અસલી ચહેરાઓને ઓળખી શકે.

ધર્મના વેપારી! હવે તારો પડછાયો પણ તારાથી દૂર ભાગી રહ્યો છે!

મંચ પર બેસીને બીજાને ત્યાગ, સંયમ અને ચરિત્રના જ્ઞાનની વાતો વહેંચનારા સાગરચંદ્ર સાગર! હવે તારા આત્માનું દરેક પાનું ખુલ્લું પડી ગયું છે. ક્યાં સુધી પોતાના પાપથી ભાગીશ? એક દિવસ તો બધું જ અહીં છોડીને જવું પડશે! જરા તારા પડછાયાને જો, તે પણ તારા કુકર્મોની દુર્ગંધથી દૂર ભાગી રહ્યો છે. પ્રવચનોમાં આવતી બહેન-દીકરીઓને તું કઈ હલકી નજરે જોતો હતો, તેનો હિસાબ હવે આપવો જ પડશે. તને તો સ્વપ્નમાં પણ માત્ર તારા કુકર્મો જ દેખાતા હશે!

જૈન સમાજ હવે ચૂપ બેસવાનો નથી. પાઈ-પાઈનો હિસાબ લેવાશે અને તારા આ અધર્મના સામ્રાજ્યનો અંત હવે પૂરેપૂરો નક્કી છે!

ગાંધીનગરમાં PSIના આપઘાત કેસમાં ચોંકાવનારા ખુલાસા:સંયુક્તમાં દિયર સાથે રહેવા બાબતે પત્નીને અણગમો હતો

ગાંધીનગર

રાજ્યના મુખ્યમંત્રીની અત્યંત સંવેદનશીલ અને સુરક્ષા જેવી મહત્ત્વપૂર્ણ જવાબદારી નિભાવતા સેક્ટર-27 પોલીસ લાઈનમાં રહેતા ફોજદાર તન્વીરસિંહ ઝાલાએ ગઈકાલે 28 ઓક્ટોબરે પોતાની જ સર્વિસ રિવોલ્વરથી લમણે ગોળી મારી આપઘાત કરી લેતાં સમગ્ર પોલીસ વિભાગમાં ભારે અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે. છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા પારિવારિક ગૃહકલેશ અને સંયુક્ત રીતે દિયર સાથે રહેવાના પત્નીના અણગમા જેવી અંગત બાબતો આ કરુણાંતિકા પાછળનું મુખ્ય કારણ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

ગાંધીનગરના સેક્ટર-27 પોલીસ લાઈનમાં રહેતા મૂળ બનાસકાંઠાના કુહા ગામના ફોજદાર તન્વીરસિંહ ઝાલા દ્વારા પોતાની જ સર્વિસ રિવોલ્વરથી આપઘાત કરી લેવાની ઘટનાથી સીએમ સિક્યોરિટીના સાથી કર્મચારીઓ તેમજ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. મૃતક PSI તન્વીરસિંહ ઝાલા ગાંધીનગરમાં લાંબા સમયથી પોતાની નિષ્ઠાવાન સેવાઓ આપી રહ્યા હતા અને હાલ મુખ્યમંત્રીની સુરક્ષા વ્યવસ્થા સંભાળતી ટીમનો મહત્ત્વનો ભાગ હતા.

રાજકોટમાં ગેસ રિફિલિંગના કાળા કારોબારનો પર્દાફાશ, 11.45 લાખનો મુદ્દામાલ જપ્ત; 7 ઝડપાયા, 15 વોન્ટેડ

રાજકોટ

રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશનની હદમાં નહેરૂનગર વિસ્તારમાં ગેસના બોટલોમાંથી ગેરકાયદેસર રિફિલિંગ અને ગેસની ચોરીના કારોબારનો SMCએ પર્દાફાશ કર્યો છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.વી. ગળચર અને વી.એન. જાડેજાની ટીમે નહેરૂનગરની શેરી નં. 2, 4, 6, 8 અને 10માં આવેલા ગોડાઉન તથા મકાનોમાં દરોડા પાડ્યા હતા. આઠ સ્થળે કરાયેલી કાર્યવાહીમાં સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે 15 આરોપીઓ વોન્ટેડ જાહેર થયા છે. દરોડા દરમિયાન ગેસના 517 બોટલ, 16 રિફિલિંગ નોઝલ, રિલાયન્સ ગેસના સ્ટીકરનાં 44 પાનાં, 48 ઢાંકણાં, પાંચ ઈલેક્ટ્રિક મોટર, 12 ઈલેક્ટ્રિક વજનકાંટા, બે સાદા વજનકાંટા, ત્રણ વાહન, સાત મોબાઈલ ફોન, રૂ. 9,170 રોકડા અને અન્ય સાધનો સહિત કુલ રૂ. 11,45,946નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પકડાયેલા આરોપીઓમાં હરદેવ કાનજી ચાવડા, મેરામ કરશન ચાવડા, રમેશ ગગુભાઈ ચાવડા, રાકેશ મહેશ બિશ્નોઈ, પુરન્નાથ ઘનશ્યામ કોરી, અમિત ધીરૂભાઈ ડાંગર અને આશિષ રમેશભાઈ ગોગરાનો સમાવેશ થાય છે. જ્યારે રાજુ સોલંકી, કરણ લાવડીયા, મંગાભાઈ, અરવિન નટ, હિતેશ ચાવડા, શૈલેષ ચાવડા, ચંદુભાઈ રાઠોડ, જિતેન્દ્ર જરીવાલા, ધીરૂભાઈ ડાંગર, પ્રફુલભાઈ ડાંગર, ઉમેશ બોરીચા સહિત 15 આરોપીઓની શોધખોળ હાથ ધરાઈ છે. આ મામલે 30/10/2026ના રોજ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, આવશ્યક ચીજવસ્તુ ધારા અને એક્સ્પ્લોઝિવ એક્ટ હેઠળ બે અલગ-અલગ ગુના નોંધાયા છે.

કલોલના વાઘોસણા પાટિયા પાસે અકસ્માત : પીકઅપ ડાલા ચાલકે અડફેટે લેતા એક્ટિવા ચાલકનું મોત

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા હદ વિસ્તારમાં વાઘોસણા ગામના પાટિયા નજીક પૂરઝડપે દોડતા પીકઅપ ડાલાના ચાલકે એક્ટિવા સવાર યુવકને જોરદાર ટક્કર મારતા તેનું કરુણ મૃત્યુ નીપજ્યું છે. અકસ્માત બાદ આરોપી ચાલક ઘટનાસ્થળે જ વાહન મૂકીને નાસી ગયો હતો. આ અંગે કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કલોલ તાલુકાના નાસ્મેદ (ડાભલા) ગામના રહેવાસી હરેશભાઈ દશરથભાઈ વાઘેલાએ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના 41 વર્ષીય મોટાભાઈ હિમ્મતભાઈ દશરથભાઈ વાઘેલા ગઈકાલે 29 ઓક્ટોબરના રોજ સાંજના પોતાનું એક્ટિવા લઈને ધેધુ ચોકડીથી ગોજારીયા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન વાઘોસણા ગામના પાટિયા નજીક રોડ પર સામેથી ગોજારીયા તરફથી આવી રહેલા પીકઅપ ડાલા (નંબર GJ 01 LT 4034)ના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી એક્ટિવાને ટક્કર મારી દીધી હતી.આ અકસ્માતમાં એક્ટિવા ચાલક હિમતભાઈને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે માણસા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે પોલીસે પીકઅપ ડાલાના અજાણ્યા ચાલક વિરુદ્ધ કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

દહેગામમાં જૈન દેરાસરમાં તસ્કરોનો તરખાટ : પિત્તળની સાંકળો, દાનપેટીની રકમ ચોરી ફરાર

ગાંધીનગર

ગાંધીનગરના દહેગામના વ્યસ્ત અને ભરચક વિસ્તારના આશરે 180 વર્ષ જૂના પ્રાચીન મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસરને તસ્કરોએ નિશાન બનાવી ચોરીને અંજામ આપતા સ્થાનિકો અને જૈન સમાજમાં ચિંતા સાથે ભારે રોષ ફેલાઈ ગયો છે. શહેરના દેરાસરમાં રાતના સમયે ચોરો એ દેરાસર પાછળના એક વૃક્ષને સહારે ઉપર ચઢવાની યુ ક્તિ અપનાવી હતી. દેરાસરના શિખ ર પર પહોંચી તસ્કરોએ ત્યાંના ધ્વજદંડ તથા તેની કિંમતી પિત્તળની સાંકળોને ઉતારી લીધી હતી. તસ્કરોએ દેરાસરમાં ઘૂસી બે દાનપેટીના તાળાં તોડી, દાનપેટીની રોકડ રકમ પણ ચોરી ફરાર થયા હતા. સમગ્ર ઘટના દેરાસરમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ કેદ થઈ ગઈ છે. સીસીટીવી ફૂટેજની તપાસ કરતા સાફ જોઈ શકાય છે કે, ચોરીને અંજામ આપવામાં એક યુવક અને એક સગીર સંડોવાયેલા છે.

બંનેએ ખૂબ આયોજનથી પવિત્ર સ્થળ પર ચોરી કરી હતી. દેરાસરમાં ચોરી થયાની જાણ થતાં સવારે સ્થાનિક જૈન આગેવાનો અને ભક્તોએ ભેગા પોલીસને જાણ કરી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને રાખી સ્થાનિક પોલીસના કાફલાએ તરત ઘટનાસ્થળે પહોંચી દેરાસરમાંથી સીસીટીવી ફૂટેજના મહત્ત્વના પુરાવા કબજે કર્યા છે.

બનાસકાંઠાના ભીલડીમાં રૂ.14,000 કરોડથી વધુના મહાકામોનો શુભારંભ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં હર્ષ સંઘવીના 'મોદી ક્યાંય નહીં જાય' ના નારાથી કંપાઈ ઉઠ્યું સભાસ્થળ!

બનાસકાંઠા/ભીલડી

ઉત્તર ગુજરાતના સરહદી અને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ એવા બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતે આજે જનકલ્યાણ અને પ્રગતિનો એક નવો સૂર્યોદય થયો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાદાયી અને ગરિમામય ઉપસ્થિતિમાં આયોજિત એક ભવ્ય તથા મહાકાય જનસભામાં ઉત્તર ગુજરાતના વિકાસને રોકેટ ગતિ આપતા રૂ. ૧૪,૦૦૦ કરોડથી પણ વધુની રકમના મસમોટા વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયા છે.

આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી લાખોની જનમેદની ઉમટી પડી હતી, જેનાથી સમગ્ર ભીલડી પંથક જનસાગરમાં ફેરવાઈ ગયો હતો. આ ઐતિહાસિક મહાસંમેલનમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ

સંઘવીએ તેમના ખુમારીભર્યા અને આક્રમક શૈલીના ઉદ્બોધનથી ઉપસ્થિત જનમેદનીમાં અદ્ભુત ચેતના અને ઉત્સાહનો સંચાર કર્યો હતો. મંચ પરથી બોલતા હર્ષ સંઘવીએ જ્યારે સ્થાનિક નાગરિકોના મનની ઉત્કટ ભાવનાઓને વાચા આપતા 'મોદી ક્યાંય નહીં જાય!' ના બુલંદ નારા પોકાર્યા, ત્યારે વિશાળ સભાખંડ તાળીઓના ગડગડાટ અને ગગનભેદી નારાબાજીથી કંપાઈ ઉઠ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિઝનરી નેતાગીરી અને દેશ પ્રત્યેના સમર્પણને બિરદાવતા ઉપસ્થિત લાખો લોકોએ એકસૂરે હાથ ઊંચા કરીને આ નારામાં સુર પુરાવ્યો હતો. આ ક્ષણે પક્ષ-વિપક્ષના તમામ ગણિતો બાજુ પર મૂકીને માત્ર પ્રગતિ અને નેતાગીરી પ્રત્યે લોકહૃદયનો અપાર પ્રેમ છતો કર્યો હતો.

વડાપ્રધાનના હસ્તે શરૂ કરવામાં આવેલા રૂ. ૧૪,૦૦૦ કરોડથી વધુના પ્રકલ્પો ઉત્તર ગુજરાતના આર્થિક અને સામાજિક માળખાને બદલી નાખશે. પાણી અને સિંચાઈ ક્ષેત્ર: સરહદી વિસ્તારો અને સૂકા ભઠ્ઠ રહેતા પંથકો સુધી નર્મદા તથા અન્ય મુખ્ય કેનાલો મારફતે પીવાનું શુદ્ધ પાણી અને ખેતી માટે સિંચાઈનું પાણી પહોંચાડવા માટે રૂ. હજારો કરોડની નવી પાઈપલાઈનો અને પમ્પિંગ સ્ટેશનોની ભેટ અપાઈ છે.

કરમસદ-આણંદ મનપાની સામાન્ય સભા બની રણશંગાર!

સત્તાપક્ષ અને અપક્ષ કોર્પોરેટરો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને હોબાળો: ગૃહમાં વાતાવરણ ગરમાયું

આણંદ

કરમસદ-આણંદ મહાનગર પાલિકાની મળેલી સામાન્ય સભા શરૂઆતથી જ વિવાદો અને આક્રમક વલણને કારણે ભારે ચર્ચામાં રહી છે. સ્થાનિક નાગરિકોના પ્રશ્નો, વિકાસના કાર્યો અને વહીવટી અનિયમિતતાના મુદ્દાઓને લઈને સત્તાપક્ષ અને અપક્ષ કોર્પોરેટરો આમને-સામને આવી ગયા હતા. સભા દરમિયાન બંને પક્ષો વચ્ચે ઉગ્ર શાબ્દિક ટક્કર અને ઉચ્ચસ્વરે બોલાચાલી થતાં ગૃહમાં ભારે હોબાળો મચી ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, સામાન્ય સભામાં શહેરી વિસ્તારોમાં પાયાની સુવિધાઓ, પીવાના પાણીની સમસ્યા, ગટર વ્યવસ્થા અને આંતરમાળખાકીય વિકાસના પ્રોજેક્ટ્સમાં વિલંબને લઈને ચર્ચા ચાલી રહી હતી. આ દરમિયાન વિરોધ પક્ષ અને અપક્ષ કોર્પોરેટરોએ સત્તાપક્ષ પર આકરા પ્રહારો કરતા આરોપ લગાવ્યો હતો કે જનહાનિ અને લોકપ્રશ્નોની સતત ઉપેક્ષા કરવામાં આવી રહી છે. સત્તાપક્ષના સભ્યો દ્વારા તેનો વળતો જવાબ આપવામાં આવતા જ માહોલ તંગ બન્યો હતો અને સભ્યો વેલમાં આવીને સૂત્રોલેખન તથા ઉગ્ર રજૂઆતો કરવા લાગ્યા હતા.

યુનિવર્સિટીમાં ગંદકી અને ATKTના મુદ્દે ABVPનો ચક્કાજામ!

હેડ ઓફિસ ખાતે વાઈસ ચાન્સલરને આપ્યું સણસણતું આવેદનપત્ર: ગગનભેદી સૂત્રોચ્ચારથી હેડ ઓફિસ ગૂંજી ઉઠી

સુરત

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા આજે યુનિવર્સિટી હેડ ઓફિસ ખાતે વિદ્યાર્થીઓના પડતર અને ગંભીર પ્રશ્નોને લઈને ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તમામ ફેકલ્ટીઓમાં કથળેલી સ્વચ્છતા અને ATKT ની નીતિમાં કરવામાં આવેલા વધારાના મુદ્દે ABVP ના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ એકત્રિત થઈને યુનિવર્સિટી તંત્ર અને વાઈસ ચાન્સલર (VC) વિરુદ્ધ મોરચો માંડ્યો હતો. ABVP ના અગ્રણીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓ, ક્લાસરૂમ્સ અને કેમ્પસમાં સફાઈ કામગીરી સદંતર ઠપ થઈ ગઈ છે. ઠેર-ઠેર ગંદકીના સામ્રાજ્યને કારણે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. વારંવાર રજૂઆતો કરવા છતાં યુનિવર્સિટીનું નિષ્ક્રિય તંત્ર ઊંઘતું રહ્યું છે, જેના કારણે આજે વિદ્યાર્થીઓએ જાતે જ રસ્તા પર ઉતરવાની ફરજ પડી છે. સ્વચ્છતા ઉપરાંત, યુનિવર્સિટી તંત્ર દ્વારા ATKT ના નિયમો અને ફી/વિષયોમાં કરવામાં આવેલા અણધાર્યા વધારા સામે પણ વિદ્યાર્થીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ABVP એ આક્ષેપ કર્યો હતો કે તંત્ર દ્વારા વિદ્યાર્થીઓ પર વધારાનો આર્થિક અને માનસિક બોજ નાખવામાં આવી રહ્યો છે, જે કોઈ પણ ભોગે સાંખી લેવામાં આવશે નહીં. આજે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ABVP ના કાર્યકરો યુનિવર્સિટી હેડ ઓફિસ ખાતે એકઠા થયા હતા. તેમણે હાથમાં પ્લેકાર્ડ્સ લઈને તંત્ર વિરુદ્ધ ગગનભેદી સૂત્રોચ્ચાર કર્યા હતા અને વાતાવરણ ગરમાવી મૂક્યું હતું. ત્યારબાદ કાર્યકરોના પ્રતિનિધિમંડળે વાઈસ ચાન્સલરને રૂબરૂ મળીને આવેદનપત્ર સોંપ્યું હતું અને અલ્ટીમેટમ આપ્યું હતું કે: તમામ ફેકલ્ટીઓમાં તાત્કાલિક ધોરણે સફાઈ કામગીરી સુચારુ કરવામાં આવે. ATKT માં કરવામાં આવેલો વધારો તાત્કાલિક ધોરણે પાછો ખેંચવામાં આવે. ABVP એ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે જો વિદ્યાર્થીઓના આ વ્યાજબી પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં યુનિવર્સિટી કેમ્પસમાં આનાથી પણ વધુ ઉગ્ર અને આક્રમક આંદોલન કરવામાં આવશે.

મહેસાણામાં અન્નદાતાના હક માટે સંગ્રામ

'કિસાન અધિકાર ધરણા'થી કોંગ્રેસે ગુંજવ્યો ઉત્તર ગુજરાતનો રાજકીય મંચ!

મહેસાણા

ગુજરાતના અન્નદાતા અને ધરતીપુત્રોના પડતર પ્રશ્નો, વ્યાજબી માંગણીઓ તથા હક-અધિકારોને વાચા આપવા માટે આજે મહેસાણા ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા એક વિશાળ, આક્રમક અને સંગઠિત 'કિસાન અધિકાર ધરણા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉત્તર ગુજરાતના હૃદયસમા મહેસાણાની ધરતી પરથી ઊઠેલા આ વિરોધના બુલંદ અવાજે રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો લાવી દીધો છે. આ ધરણા કાર્યક્રમમાં મહેસાણા અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં ખેડૂતો, પશુપાલકો, સ્થાનિક અગ્રણીઓ

અને કોંગ્રેસના તમામ શીર્ષ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મંચ પરથી બોલતા નેતાઓએ વર્તમાન શાસકોની ખેડૂતવિરોધી નીતિઓની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી અને ખેડૂતોને તેમનો ન્યાયી હક ન મળે ત્યાં સુધી આંદોલન વધુ તેજ બનાવવાની ચીમકી આપી હતી. ધરણા કાર્યક્રમ દરમિયાન ઉદ્બોધન કરતા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, વર્તમાન ભાજપ સરકારની ઉદાસીન અને ખેડૂતવિરોધી નીતિઓએ ગુજરાતના અન્નદાતાને લાચાર, દેવાદાર અને પાયમાલ બનાવી દીધો છે. રાજ્યનો ખેડૂત આજે ચોમેરથી મુશ્કેલીઓમાં ઘેરાયેલો છે: વારંવાર બદલાતા હવામાન, કમોસમી વરસાદ અને દુષ્કાળ જેવી સ્થિતિમાં ખેડૂતનો ઉભો પાક નિષ્ફળ જાય છે, પરંતુ સરકાર દ્વારા યોગ્ય અને સમયસર વળતર કે સર્વે કરવામાં આવતો નથી.

પાક્કો ગુજરાત
શનિવાર | 31 ઓક્ટોબર 2026 | અમદાવાદ

અન્નદાતાના શ્વાસ રૂંધતી ભાજપ સરકાર સામે

ગુજરાતભરમાં મહાઆક્રોશ: "કિસાન અધિકાર ધરણાં"થી ધણધણી ઉઠ્યું રાજ્ય!

- **દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના આપેલા વચનનું શું થયું? આવક તો બમણી ન થઈ, પણ ખેતીનો ખર્ચ બમણો અને આવક અડધી થઈ ગઈ!**
- **એક તરફ સરકાર રૂ. 6,000ની સહાય આપીને વાહવાહી લૂંટે છે, તો બીજી તરફ ટેક્સ અને મોંઘવારીના મારથી દર વર્ષે હેક્ટર દીઠ રૂ. 71,500 ખેડૂતોના ખિસ્સામાંથી ખંખેરી રહી છે!**

ગાંધીનગર

ગુજરાતના અન્નદાતા-ખેડૂતોના હક, અધિકાર અને અસ્તિત્વની લડાઈ હવે ચરમસીમાએ પહોંચી છે. રાજ્યમાં કુદરતી આફતો અને સરકારની જુલમી નીતિઓથી પીસાઈ રહેલા જગતના તાતના સમર્થનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યના ચાર મુખ્ય ઝોનમાં ભવ્ય અને પ્રચંડ "કિસાન અધિકાર ધરણાં"નું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટ, ઉત્તર ઝોનમાં મહેસાણા, મધ્ય ઝોનમાં વડોદરા અને દક્ષિણ ઝોનમાં બારડોલી ખાતે હજારોની સંખ્યામાં ખેડૂતો, અગ્રણીઓ અને કાર્યકરોએ એકાંતરે એકઠા થઈને ભાજપ સરકારની ખેડૂત વિરોધી અને ઉદ્યોગપ્રેમી નીતિઓ સામે જોરદાર આક્રોશ ઠાલવ્યો હતો.

આ ધરણાં પ્રદર્શન દરમિયાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિત ચાવડા સહિતના દિગ્ગજ નેતાઓએ સરકારને આડે હાથ લેતા સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે, 'ખેડૂતને દયા નહીં, ન્યાય જોઈએ; આશ્વાસન નહીં, યોગ્ય ભાવ જોઈએ અને જાહેરાતો નહીં, આર્થિક સુરક્ષા જોઈએ!' કોંગ્રેસ પ્રમુખશ્રીએ સરકારને સખત પ્રશ્નો કરતા જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન સત્તામાં આવ્યા પહેલાં મોટા-મોટા દાવા કરતા હતા કે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી થઈ જશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ખેડૂતોની આવક તો બમણી ન થઈ, ઊલટાનું ખેતીનો ખર્ચ બમણો થઈ ગયો અને આવક અડધી થઈ ગઈ. 'મારો ખેડૂત ડંકી ચલાવશે, પાણી નહીં પણ તેલ આવશે' તેવી બડાપો હાંકતી ભાજપ સરકાર આજે દેશના અન્નદાતાને લાચાર, બેબસ અને મજબૂર બનાવી ચૂકી છે. એક તરફ કુદરતનો પ્રકોપ અને બીજી તરફ સરકારની પોકળ સહાયની વાતોએ ખેડૂતોની કમર ભાંગી નાખી છે. સરકાર SDRFના નિયમો હેઠળ હેક્ટર દીઠ માત્ર રૂ. ૮,૫૦૦ (એટલે કે એક ગુંઠાના માત્ર ૮૫ રૂપિયા!) આપવાની વાત કરે છે, જ્યારે આજે ખેતી માટે જરૂરી ડીએપી (DAP) ખાતરની એક થેલી જ રૂ. ૨,૦૦૦માં મળે છે. આટલી નહિવત અને મશ્કરી સમાન સહાયથી ખેડૂતોનું શું ભલું થવાનું?

સુરત મનપાની સાધારણ સભા બની 'ભજિયા પાર્ટી'નો અડ્ડો

માત્ર દોઢ કલાકની બેઠકમાં રૂ.1 લાખના નાસ્તા-પાણી ઉડાવી દેવાતા હાહાકાર!!!

સુરત

આર્થિક નગરી સુરતમાંથી એક અત્યંત શરમજનક અને પ્રજાના રોષને ભડકાવનારો મામેલો સામે આવ્યો છે. સુરત મહાનગરપાલિકા (SMC) ની મળેલી સાધારણ સભામાં લોકપ્રશ્નોની ચર્ચા તો માંડ માંડ થઈ કે નહીં, પરંતુ માત્ર દોઢ કલાકની ટૂંકી સભામાં રૂ. ૧ લાખના ભજિયા અને નાસ્તાની જ્યાફત ઉડાવી દેવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. સુરત શહેરના નાગરિકો જ્યારે પીવાના પાણી, ગટર, દૂષિત પાણી અને વીજળી જેવી પાયાની ગંભીર સમસ્યાઓથી ત્રસ્ત છે, ત્યારે મનપાના પદાધિકારીઓ અને શાસક પક્ષના કોર્પોરેટરો દ્વારા પ્રજાના પરસેવાની કમાણીના ટેક્સના પૈસા આવી રીતે ખાણીપીણી પાછળ ઉડાવી દેવાતા સમગ્ર શહેરમાં ભારે આક્રોશ ફેલાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત મહાનગરપાલિકાની તાજેતરની સાધારણ સભા અત્યંત ટૂંકા સમય એટલે કે સવારે ૧૦:૦૦ વાગ્યાથી શરૂ થઈને માંડ ૧૧:૩૦ વાગ્યા સુધી (માત્ર ૯૦ મિનિટ) ચાલી હતી. આટલા ટૂંકા સમયગાળામાં શહેરના વિકાસ કે જનતાના પ્રશ્નોના નિરાકરણ પર ગંભીર ચર્ચા થવાને બદલે સભાખંડમાં નાસ્તા-પાણીની અદભુત મહેફિલ જામી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. માત્ર દોઢ કલાકની આ બેઠકમાં આશરે રૂપિયા એક લાખ જેટલી માતબર રકમનો ભજિયા અને નાસ્તાનો ખર્ચ દર્શાવવામાં આવતા અથવા થયો હોવાનું સામે આવતા રાજકીય ગરમાવો આવી ગયો છે.

સવાલ એ થાય છે કે માત્ર ૯૦ મિનિટમાં આટલી મોટી રકમનો નાસ્તો કોણે અને કેવી રીતે ખાધો? શું નગરસેવકો પ્રજાના પ્રશ્નો સાંભળવા આવતા હતા કે પછી માત્ર નાસ્તાની જ્યાફત માણવા માટે જ સભામાં હાજરી આપતા હતા? સુરતના અનેક વિસ્તારોમાં આજની તારીખે પણ પીવાના શુદ્ધ પાણીની સમસ્યા, ગંદકી, મચ્છરોના ઉપદ્રવ અને રસ્તાઓના ખાડા જેવી અનેક મુશ્કેલીઓથી પ્રજા હાલાકી ભોગવી રહી છે. સામાન્ય જનતા પોતાના ઘરનું ગુજરાન ચલાવવા માટે એક-એક રૂપિયાનો ટેક્સ ભરે છે. પરંતુ મહાનગરપાલિકાના સત્તાધીશો આ ટેક્સના પૈસાનો ઉપયોગ લોકકલ્યાણના બદલે પોતાની ખાણીપીણી પાછળ બેફામ રીતે કરી રહ્યા છે.

નડિયાદમાં વન વિભાગના સપાટાથી લાકડા માફિયાઓમાં ભૂકંપ

પરમીટ વગર ગેરકાયદેસર વૃક્ષછેદન કરીને લાવેલી લાકડા ભરેલી 5 ટ્રકો જપ્ત!

નડિયાદ

ગુજરાતમાં પ્રકૃતિના ભોગે ગ્રીનરીનો સફાયો કરી રહેલા તસ્કરો અને લાકડા માફિયાઓ સામે વન વિભાગે હવે આક્રમક તેવર અપનાવ્યા છે. ખેડા જિલ્લાના નડિયાદ પંથકમાંથી પરમીટ વગર અને ગેરકાયદેસર રીતે વૃક્ષોનું છેદન કરીને લાકડા ભરીને લાવવામાં આવેલી પાંચ મસમોટી ટ્રકોને નડિયાદ રેન્જના ઇન્ચાર્જ વન અધિકારી મનીષા વાઘેલાની સજ્જ ટીમે ઝડપી પાડીને જપ્ત કરી છે. આ ધડાકાભેર કાર્યવાહીથી નડિયાદ અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદેસર લાકડાનો વેપાર કરનારાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પંચમહાલ અને મહીસાગર પંથકના જંગલો તેમજ આસપાસના વિસ્તારોને બાનમાં લઈને લાકડા માફિયાઓ સક્રિય બન્યા છે. શહેરા (ગોધરા), છોટાઉદેપુર અને સંતરામપુર જેવા જંગલ વિસ્તારોમાંથી કિંમતી વૃક્ષોનું ગેરકાયદેસર વૃક્ષછેદન (અંધાધૂંધ કટીંગ) કરવામાં આવે છે. ત્યારબાદ આ ગેરકાયદેસર લાકડાને ટ્રકોમાં ભરીને કોઈપણ પ્રકારની વેલિડ પરમીટ, પાસ કે દસ્તાવેજી પુરાવા વગર નડિયાદ ખાતે હરાજી કરવા અથવા વેચવા માટે લાવવામાં આવતા હતા. વિકાસના નામે પર્યાવરણની હત્યા કરી રહેલા આ તસ્કરો બેરોકટોક લાકડાની હેરાફેરી કરી રહ્યા હોવાની ચોક્કસ બાતમી વન વિભાગને મળી હતી. વન વિભાગની ટીમને મળેલી બાતમીના આધારે નડિયાદ રેન્જના ઇન્ચાર્જ વન અધિકારી મનીષા વાઘેલા અને તેમની ટીમે નડિયાદના મંજીપુરા રીંગ રોડ ઉપર આવેલા, 'નડિયાદ સો મિલ ઓનર્સ એસોસિએશન માન્ય' સંતરામ વે બ્રીજ (Santram Weigh Bridge) પાસે વોચ ગોઠવી હતી. બાતમી મુજબ શંકાસ્પદ હાલતમાં પસાર થતી લાકડા ભરેલી એક પછી એક કુલ પાંચ ટ્રકોને રોકીને તપાસ કરવામાં આવી હતી.

પ્રવાસી-2 સ્કીમમાં કરોડની છેતરપિંડી

પૂર્વ કાઉન્સિલર જતીન પ્રવાસી અને હારુન દિવાન સામે નડિયાદ કલેક્ટર કચેરીમાં ઉગ્ર આવેદનપત્ર!!!

નડિયાદ

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાંથી એક મોટા અને ચકચારી આર્થિક ફ્રોડનો મામેલો સામે આવ્યો છે. નડિયાદના પૂર્વ કાઉન્સિલર જતીન પ્રવાસી અને હારુન દિવાન સંચાલિત 'પ્રવાસી-૨' (Pravasi-2 Scheme) સ્કીમમાં કરોડો રૂપિયાનું રોકાણ કરીને છેતરપિંડીનો ભોગ બનેલા અસંખ્ય નાગરિકો અને રોકાણકારો આજે રોષે ભરાઈને નડિયાદ કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને આ ઠગ ૧૨૦-૧૩૦ કૌભાંડીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની અને પોતાના પરસેવાની મૂડી પરત અપાવવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પૂર્વ કાઉન્સિલર જતીન પ્રવાસી અને હારુન દિવાન દ્વારા 'પ્રવાસી-૨' પ્રોજેક્ટ કે સ્કીમ શરૂ કરવામાં આવી હતી. આ સ્કીમમાં મકાનો, દુકાનો અથવા ઊંચા વળતરની લાલચ આપીને નડિયાદ તેમજ આસપાસના વિસ્તારોના સેંકડો મધ્યમવર્ગીય પરિવારો, વેપારીઓ અને નાગરિકો પાસેથી કરોડો રૂપિયા પડાવવામાં આવ્યા હતા. લાંબા સમય સુધી રોકાણકારોને ન તો પ્રોજેક્ટ મળ્યો કે ન તો તેમના નાણાં પરત આપવામાં આવ્યા. જ્યારે રોકાણકારોએ પોતાના નાગરિક હકો માટે પડાપડી કરી અને પિયુષ/સંચાલકો પાસે હિસાબ માંગ્યો, ત્યારે સંતોષકારક જવાબ મળવાને બદલે માત્ર ગોળગોળ વાતો અને ખોટા વાયદાઓ જ આપવામાં આવ્યા હતા. આખરે, પોતાની જીવનભરની બચત ડૂબી જવાની ભીતિથી ત્રસ્ત થયેલા પીડિતોએ એકત્રિત થઈને કાયદાકીય લડત શરૂ કરી છે. આજે બહોળી સંખ્યામાં સ્કીમનો ભોગ બનેલા મહિલાઓ, યુવાનો અને વડીલો નડિયાદ કલેક્ટર કચેરી ખાતે હાજર રહ્યા હતા. તેમણે હાથમાં બેનરો અને પ્લેકાર્ડ્સ લઈને પૂર્વ કાઉન્સિલર જતીન પ્રવાસી અને હારુન દિવાન વિરુદ્ધ ગગનભેદી સૂત્રોચ્ચાર કર્યા હતા અને સમગ્ર પરિસરને ગુંજવી દીધું હતું. પીડિતોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરતા સ્પષ્ટ શબ્દોમાં રજૂઆત કરી હતી કે: આ કૌભાંડના મુખ્ય સૂત્રધારો જતીન પ્રવાસી અને હારુન દિવાન વિરુદ્ધ ત્વરિત ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવે.

વ્યાપાર પડી ભાંગ્યો છતાં પાલિકા કુંભકર્ણની નિંદ્રામાં!

ડભોઇમાં ટ્રાફિક અને ગંદકીના સામ્રાજ્ય સામે વેપારી મહાજન મેદાને

ડભોઇ

ઐતિહાસિક ડભોઇ નગરમાં સ્થાનિક વહીવટી તંત્ર અને નગરપાલિકાની ગંભીર બેદરકારી તથા ઉદાસીનતાના કારણે પ્રજા અને વેપારીઓ ત્રસ્ત થઈ ગયા છે. નગરમાં દિવસેને દિવસે વણસી રહેલી ટ્રાફિક વ્યવસ્થા અને સફાઈની અનિયમિતતા સામે હવે વેપારી મહાજન અને સ્થાનિક વેપારીઓ ખુલ્લેઆમ મેદાને આવ્યા છે. દિવાળી જેવા પવિત્ર અને મુખ્ય તહેવાર ટાણે જ બજારોની કથળેલી સ્થિતિ અને પાલિકાની બેજવાબદારી વિરુદ્ધ વેપારીઓએ એક તાકીદની પત્રકાર પરિષદ (પ્રેસ કોન્ફરન્સ) યોજીને પોતાનો રોષ અને આક્રોશ ઉગ્ર શબ્દોમાં વ્યક્ત કર્યો હતો. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વેપારી અગ્રણીઓએ મીડિયા સમક્ષ પોતાની વેદના ઠાલવતા જણાવ્યું હતું કે, ડભોઇ નગરની હાલની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. વર્ષો પહેલાં જ્યારે સુશાસન હતું, ત્યારે નગરમાં નિયમિત રીતે રાત્રિના સમયે બ્રશિંગ મશીન દ્વારા રસ્તાઓની સફાઈ કરવામાં આવતી હતી, જેને કારણે રસ્તાઓ કાચની જેમ ચોખ્ખા રહેતા અને ટ્રાફિક નિયમનમાં પણ ભારે સરળતા રહેતી હતી. પરંતુ કમનસીબી એ છે કે વર્તમાન સમયમાં નગરપાલિકા પાસે સફાઈ કરવા માટે કોઈ નક્કર આયોજન જ નથી રહ્યું. આખા નગરમાં ગંદકીના સામ્રાજ્ય અને કચરાના ગ ખડકાયેલા જોવા મળે છે, જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની પણ દહેશત સેવાઈ રહી છે. બીજી તરફ, ટ્રાફિકની સમસ્યા ડભોઇના વેપારીઓ માટે નાસૂર બની ગઈ છે. અગાઉ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમન માટે બજારોમાં પાર્કિંગની 'એકી-બેકી (Odd-Even)' પદ્ધતિ અમલમાં

મૂકવાની મોટીમોટી ખાતરીઓ આપવામાં આવી હતી. એટલું જ નહીં, રસ્તાઓ પર સફેદ કે પીળા પટ્ટા મારીને પાર્કિંગ ઝોન નક્કી કરવાની વાતો પણ માત્ર કાગળ પર જ રહી ગઈ છે. વર્ષો વીતી જવા છતાં પરિણામ સદંતર શૂન્ય આવ્યું છે.

વેપારીઓની નિષ્ઠા અને જાગરૂકતાની પરાકાષ્ઠા તો જુઓ કે, તેમણે નગરપાલિકાને ત્યાં સુધી કહી દીધું હતું કે જો રોડ પર પાર્કિંગના કલર-પટ્ટા કરવા માટે પાલિકા પાસે ફંડ કે પૈસા ન હોય, તો તેનો આખો ખર્ચ વેપારીઓ ખુદ ભોગવવા તૈયાર છે! તેમ છતાં, લાજ વગરના તંત્ર કે પાલિકા પ્રમુખ દ્વારા આ મામલે કોઈ જ હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો નથી, જે તેમની નિષ્ક્રિયતા સાબિત કરે છે.

મહેમદાબાદમાં 'સ્વચ્છતા અભિયાન'ના ધજાગરા: સરકારી કચેરીના દરવાજે જ કચરાના ડુંગર

મહેમદાબાદ

'સ્વચ્છ ભારત' અને 'નિર્મળ ગુજરાત' ના મોટા મોટા બેનરો અને સરકારી જાહેરાતો પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ અને અત્યંત શરમજનક ચિત્ર રજૂ કરી રહી છે. મહેમદાબાદ તાલુકા પંચાયત અને સરકારી કચેરીઓની બિલકુલ બહાર જ કચરા અને ગંદકીના વિશાળ ઢગલા ખડકાઈ ગયા છે. જે તંત્ર પાસે સમગ્ર તાલુકામાં સ્વચ્છતા જાળવવાની અને લોકોને આરોગ્યપ્રદ વાતાવરણ પૂરું પાડવાની જવાબદારી છે, તે જ તંત્ર પોતાના આંગણે ફેલાયેલી ગંદકી પ્રત્યે ઘોર નિદ્રામાં હોવાનું સામે આવ્યું છે. મહેમદાબાદ તાલુકા પંચાયત કચેરી અને આસપાસના સરકારી પરિસરમાં દરરોજ સેંકડો અરજદારો અને સામાન્ય નાગરિકો પોતાના કામકાજ અર્થે આવતા હોય છે. પરંતુ કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર અને આસપાસના વિસ્તારમાં જ દુર્ગંધ મારતો કચરો, પ્લાસ્ટિકની થેલીઓ અને એંઠવાડના ખડકલા જોવા મળી રહ્યા છે. ચોમાસા કે સામાન્ય દિવસોમાં પણ આ ગંદકીના કારણે મચ્છર અને રોગચાળો ફેલાવવાનો ભય સતત તોળાતો રહે છે.

કચેરીમાં બેસતા ઉચ્ચ અધિકારીઓ દરરોજ આ કચરાના ઢગલા પાસેથી જ પસાર થાય છે, છતાં તેમની આંખ સામે આ ચિત્ર કેમ નથી ઉપસતું? તે એક મોટો અને સળગતો પ્રશ્ન છે. સરકાર દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અને 'સ્વચ્છતા પખવાડિયા' જેવા કાર્યક્રમો યોજીને નેતાઓ અને અધિકારીઓ હાથમાં ઝાડૂ પકડીને ફોટો પડાવતા નજરે પડે છે. પરંતુ મહેમદાબાદના આ દ્રશ્યો સાબિત કરે છે કે સ્વચ્છતા અભિયાન માત્ર સરકારી ચોપડા અને સોશિયલ મીડિયાના ફોટા પૂરતું જ સીમિત રહી ગયું છે.

ડભોઇમાં ખાખીના ખૌફ વગર તસ્કરો બેફામ!

એક જ રાતમાં પાલિકાના કારોબારી ચેરમેન સહિત બે મકાનોના તાળા તૂટ્યા

ડભોઇ

ડભોઇ નગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે અને પોલીસ પેટ્રોલિંગ માત્ર કાગળ પર જ હોય તેવું પ્રતીત થઈ રહ્યું છે. અસામાજિક તત્વો અને તસ્કરોના મનોબળ એટલા વધી ગયા છે કે હવે ખુલ્લેઆમ પોલીસ કે તંત્રના ડર વગર ચોરીઓને અંજામ આપવામાં આવી રહ્યો છે. ડભોઇ નગરમાં એક જ રાતમાં બે-બે મકાનોના તાળા તોડીને ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવતા સમગ્ર શહેરમાં હાહાકાર મચી ગયો છે.

ખાસ કરીને નગરપાલિકાના જ કારોબારી ચેરમેનના મકાનને નિશાન બનાવવામાં આવતા અને અગાઉ પણ એક જ મકાનમાં વારંવાર ચોરીના પ્રયાસો થવાથી નાગરિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને લોકોની રાતોની ઊંઘ હરામ થઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડભોઇ નગરના મુખ્ય માર્ગ પર આવેલ અને નગરપાલિકાના કારોબારી ચેરમેન અબ્ઝલભાઈ કાબાવાલાનું મકાન આવેલું છે. અજાણ્યા તસ્કરોએ આ મુખ્ય માર્ગ પર આવેલા મકાનને ટાર્ગેટ કરીને બહારથી મારેલું તાળું તોડી નાખ્યું હતું. પરંતુ તસ્કરોને ખબર નહોતી કે અંદર પરિવારના સભ્યો સૂઈ રહ્યા છે. જેવું તસ્કરોએ અંદર પ્રવેશવાનો પ્રયાસ કર્યો અને પરિવારના સભ્યો જાગી જવાની કે ખબર પડવાની આહટ થઈ, ત્યારે અજાણ્યા ચોરટાઓ ચોરીને અંજામ આપવાનું અધવચ્ચે જ પડતું મૂકીને અંધારાનો લાભ લઈને ભાગી છૂટ્યા હતા. નગરપાલિકાના પદાધિકારીનું ઘર પણ જો સુરક્ષિત ન હોય, તો સામાન્ય જનતાની સુરક્ષા ભગવાન ભરોસે જ ગણાય!

આ ઘટનાની શાહી હજુ સૂકાઈ નથી ત્યાં બીજી જ જગ્યાએ તસ્કરોએ પોતાની કરતૂત બતાવી હતી. ડભોઈની મહુડી ભાગોળ બહાર આવેલી વસઈ વાલા જીન સોસાયટીમાં રહેતા ઈસ્માઈલભાઈ મોહમ્મદભાઈ મનસુરી (ઉર્ફે) પહેલવાનના બંધ મકાનને તસ્કરોએ રાત્રિના સુમારે નિશાન બનાવ્યું હતું.

તસ્કરોએ મકાનનો નકૂચો કાપી અને તાળું તોડીને ઘરની અંદર પ્રવેશ કર્યો હતો. ઘરમાં ઘૂસેલા હેવાનિયત વગરના તસ્કરોએ ઘરમાં રહેલી તિજોરી, પેટી-પલંગ, કપડાં સહિતનો તમામ સામાન ઊંધામાથે ફેંદી નાખ્યો હતો અને ભારે તોડફોડ કરી હતી. જોકે, સદભાગ્યે ઘરમાં કિંમતી ચીજવસ્તુઓ કે રોકડ હાથ ન લાગતા તસ્કરો ખાલી હાથે જ ભાગી છૂટવા મજબૂર બન્યા હતા.

દહેગામની ગૌચર જમીન પર કબ્જો જમાવનાર

ભૂમાફિયાઓની ખેર નથી: હાઈકોર્ટના હસ્તક્ષેપથી ગ્રામ પંચાયત અને વહીવટી તંત્રની ઊંઘ હરામ!!!

અમદાવાદ

ભરૂચ જિલ્લાના ઐતિહાસિક અને આર્થિક રીતે મહત્વપૂર્ણ એવા જંબુસર તાલુકાના દહેગામ ગામમાં ગૌચરની પવિત્ર જમીનને ગેરકાયદેસર દબાણોથી મુક્ત કરાવવા માટે હવે મામલો સીધો રાજ્યની સર્વોચ્ચ અદાલત એટલે કે ગુજરાત હાઈકોર્ટના દરવાજે પહોંચી ગયો છે. ગામના મૂંગા પશુધનના હક અને જાહેર સંપત્તિના રક્ષણ માટે સ્થાનિક તંત્ર સામે મોરચો માંડનાર અરજદારે હાઈકોર્ટમાં રીટ અરજી દાખલ કરીને તંત્રની લાપરવાહી સામે કાયદાકીય શસ્ત્ર ઉગામ્યું છે. આ કડક પગલાંથી ગામમાં ગૌચરની જમીન હડપી બેઠેલા દબાણદારો અને આંખ આડા કાન કરનારા ભ્રષ્ટ અધિકારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. નિયમો અને કાયદા અનુસાર ગ્રામ પંચાયતની સર્વોપરી ફરજ છે કે તે ગામની હદમાં આવેલી ગૌચર, સીમ કે અન્ય જાહેર જમીન પર કોઈ પણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ ન થાય તેનું ધ્યાન રાખે અને જો દબાણ થાય તો તાત્કાલિક ધોરણે તેને દૂર કરાવે. પરંતુ દહેગામ ગ્રામ પંચાયતની કામગીરી આ બાબતમાં શંકાના દાયરામાં આવી ગઈ છે. અરજદારના વકીલ દ્વારા હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવેલા તથ્યો મુજબ, વર્ષોથી ગૌચર જમીન પર ગેરકાયદેસર દબાણો વધી રહ્યા છે અને પાકા બાંધકામો તેમજ કબજાઓ જમાવવામાં આવી રહ્યા છે છતાં ગ્રામ પંચાયત દ્વારા આજદિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં પંચાયતના સત્તાધીશો દ્વારા કોઈક અજાણ્યા દબાણ કે મિલીભગત હેઠળ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. દહેગામ ગામમાં મોટી સંખ્યામાં પશુપાલકો અને ખેડૂતો પશુપાલનનો વ્યવસાય કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ગ્રામીણ અર્થતંત્રનો મુખ્ય આધાર પશુધન છે, અને પશુઓના સ્વાસ્થ્ય તથા પોષણ માટે ગૌચરની જમીન અનિવાર્ય છે.

સુરત ભાજપના મહિલા કોર્પોરેટરનું જ્ઞાન કે અજ્ઞાન? ગંદકી અને પીળા પાણી માટે 'અલ નીનો'ને જવાબદાર ગણાવ્યા!!

- **વિવાદ વકર્યા બાદ સોશિયલ મીડિયા પર ફોલોઅર્સ વધ્યાની શેખી મારતી બીજી પોસ્ટ મૂકી: સ્થાનિકો અને વિપક્ષોનો ભારે આક્રોશ**

સુરત

ડાયમંડ અને સિલ્ક સિટી ગણાતા સુરત શહેરમાંથી એક રમુજી પણ ગંભીર કહી શકાય તેવી રાજકીય ઘટના સામે આવી છે. સુરત મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૦ (અડાજણ) ના ભાજપના મહિલા કોર્પોરેટર ઉર્વશી પટેલ પોતાની વિચિત્ર અને હાસ્યાસ્પદ નિવેદનબાજીને કારણે અચાનક ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. પોતાના વિસ્તારમાં આવી રહેલા દૂષિત, પીળા અને દુર્ગંધયુક્ત પાણીની ગંભીર સમસ્યા માટે વહીવટી તંત્રની નિષ્ફળતા છુપાવવા તેમણે સીધો 'અલ નીનો' (El Nio - વૈશ્વિક આબોહવાકીય ફેરફાર) નો રાગ આલાપ્યો હતો. આ વાહિયાત દલીલ બાદ ટ્રોલ થતાં તેમણે સોશિયલ મીડિયા પર 'મારા ફોલોઅર્સ વધી ગયા' તેવી બીજી પોસ્ટ મૂકીને બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. છેલ્લા કેટલાક સમયથી સુરતના અડાજણ સહિતના વિસ્તારોમાં રહેવાસીઓને ઘરોમાં પીળું અને દૂષિત પાણી મળી રહ્યું છે. દૂષિત પાણીના કારણે ઘરે-ઘરે રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે અને સ્થાનિકો પાલિકાથી ત્રસ્ત થઈ ગયા છે. આ લોકપ્રશ્ન અંગે ભાજપના મહિલા કોર્પોરેટર ઉર્વશી પટેલને રજૂઆત કરવામાં આવતા તેમણે વિજ્ઞાન અને તર્કને નેવે મૂકીને સોશિયલ મીડિયા પર એક વિવાદિત સ્પષ્ટતા કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે, 'તાપી નદીમાં 'અલ નીનો' ની અસરના કારણે પાણીનો રંગ પીળો થઈ રહ્યો છે!' કોર્પોરેટર સાહેબની આ 'વૈજ્ઞાનિક શોધ' જેવી સ્પષ્ટતા વાંચીને સુરતની જનતા ચકરાવે ચડી ગઈ હતી. પાઈપલાઈનનું લીકેજ કે ગટરનું પાણી ભળવાને બદલે વૈશ્વિક હવામાનની ઘટનાને જવાબદાર ગણાવતા સોશિયલ મીડિયા પર નેટિઝન્સ અને વિપક્ષોએ તેમની સખત ઝાટકણી કાઢી હતી અને ભારે ટ્રોલ કર્યા હતા.

તંત્રી લેખ...

જંતર-મંતરથી રામલીલા મેદાન સુધી: દિલ્હીના રાજકીય તખ્તા પર ખુરશીની નહીં, પણ લોકશાહી અને અસ્તિત્વની મહાસંગ્રામી લડાઈ!

નવી દિલ્હી: ભારતીય રાજકારણના કેન્દ્રમાંથી એક એવા મોટા અને ભૂકંપ સમાન વાવડ સામે આવ્યા છે, જે આગામી સમયના તમામ રાજકીય સમીકરણો અને ગણિતોને ઉથલ-પાથલ કરી નાખવા માટે પૂરતા છે. અત્યાર સુધી નાના-મોટા વિરોધ પ્રદર્શનો અને આંદોલનોનું કેન્દ્ર રહેલી જંતર-મંતરની સાંકડી અને ગીચ ગલીઓમાંથી આખીય લડાઈ હવે સીધી દિલ્હીના મધ્યમાં આવેલા ઐતિહાસિક અને વિશાળ રામલીલા મેદાનના અફાટ પટ પર ખસેડાઈ ચૂકી છે. આ માત્ર કોઈ ભૌગોલિક સ્થળ કે સરનામાનો ફેરફાર નથી, પરંતુ ભારતના વર્તમાન રાજકીય પ્રવાહમાં એક બહુ મોટો અને ગંભીર સંદેશ બદલાયાનું એંધાણ છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે-જ્યારે રામલીલા મેદાન જનમેદનીથી છલકાયું છે, ત્યારે-ત્યારે દિલ્હીની સત્તાની ગાદી અને તેના પાયા હચમચી ગયા છે. આગામી સમયમાં ઈન્ડિયા (INDIA) ગઠબંધન દ્વારા રામલીલા મેદાન ખાતે અત્યાર સુધીની સૌથી મોટી મહારેલીનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. પરંતુ, આ મહાકાય આયોજનની પૂર્વસંધ્યાએ જ કોંગ્રેસના શીર્ષ નેતા રાહુલ ગાંધીએ એક ધારદાર વીડિયો સંદેશ જાહેર કરીને શાસક પક્ષ અને તેની આઈટી સેલની આખી રણનીતિ પર પાણી ફેરવી દીધું છે.

રાહુલ ગાંધીનો માસ્ટરસ્ટ્રોક: 'આ કોઈ પક્ષની રેલી નથી, સમગ્ર ભારતની કૂચ છે'

રાહુલ ગાંધીએ પોતાના એક જ ટૂંકા અને સચોટ સંદેશમાં સમગ્ર રાજકીય માહોલને પલટી નાખતા સ્પષ્ટ ધડાકો કર્યો છે કે, 'આ કોઈ એક પક્ષની કે ચોક્કસ પક્ષની રેલી નથી, પરંતુ આ સમગ્ર ભારતની કૂચ છે.'



આ એક જ વાક્યએ વિરોધીઓના હાથમાંથી તમામ પરંપરાગત હથિયારો છીનવી લીધા છે. આ આંદોલન હવે કોઈ એક રાજકીય પક્ષ પૂરતું સીમિત નથી રહ્યું, કોઈ એક ચોક્કસ વિચારધારાની મર્યાદામાં નથી બંધાયું કે કોઈ એક જ્ઞાતિ કે વર્ગ પૂરતું મર્યાદિત નથી. રાહુલ ગાંધીએ દેશભરના તમામ વિચારોના નાગરિકો, તમામ વિરોધી પક્ષોના સમર્થકો અને મોંઘવારી-બેરોજગારીથી પીડિત આમ આદમીને આ મહારેલીમાં જોડાવા માટે ખુલ્લું અને પ્રભાવશાળી આહ્વાન આપ્યું છે.

પક્ષનો ઝંડો બાજુએ મૂકવાની રણનીતિ: હવે પ્રહાર કોના પર થશે?

વર્ષોથી સત્તાધારી પક્ષ અને તેની સોશિયલ મીડિયાની ટીમ વિપક્ષને ઘેરવા માટે 'ટુકડે-ટુકડે ગેંગ', 'પરિવારવાદી પાર્ટી' કે 'જાતિવાદી ગઠબંધન' જેવા લેબલો ચોંટાડતી આવી છે. આ એક એવું રેડીમેડ શસ્ત્ર હતું જેનો ઉપયોગ કરીને તેઓ વિપક્ષી નેતાઓને નાના પાડતા હતા. પરંતુ, રાહુલ ગાંધીએ ખૂબ જ ચાતુપૂર્વક પક્ષનો ઝંડો જ જમીન પર મૂકીને સીધો જનતાનો ઝંડો પોતાના હાથમાં પકડી લીધો છે. હવે સત્તાધારી છાવણી સામે સૌથી મોટો અને અઘરો સવાલ એ ઊભો થયો છે કે, જો તેઓ આ જન આંદોલન કે રેલી પર પ્રહાર કરશે, તો તે પ્રહાર આખરે કોના પર ગણાશે? શું તે ભારતની સામાન્ય જનતા, ખેડૂતો અને યુવાનો પરનો હુમલો નહીં ગણાય? આ એક એવી વ્યુહાત્મક ચાલ છે જેમાં વિરોધીઓ પોતે જ ફસાઈ ગયા છે.

રામલીલા મેદાનથી બદલાતા રાજકારણના ૪ અત્યંત મહત્વપૂર્ણ સ્તંભો:

૧. ભીડનું નવું ગણિત અને મિડીયાનું પ્રેશર:

જંતર-મંતરની સાંકડી જગ્યાએ ૫ હજાર લોકો એકઠા થાય તો તે માત્ર પોલીસ પરવાનગી, ટ્રાફિક જામ અને કાયદો-વ્યવસ્થાનો સ્થાનિક મુદ્દો બનીને રહી જાય છે. પરંતુ, જ્યારે રામલીલા મેદાનમાં ૫ લાખ લોકોનું ઘોડાપૂર ઉમટે છે, ત્યારે તે દેશ અને દુનિયાના મુખ્ય પ્રવાહના રાષ્ટ્રીય સમાચાર બની જાય છે. રાહુલ ગાંધી સારી રીતે જાણે છે કે ટીવી સ્ટુડિયોની પક્ષપાતી ચર્ચાઓ કરતાં મેદાન પર ઉતરેલી લાખોની જનમેદની સત્તાધીશોના સિંહાસનને હચમચાવવા માટે વધુ તાકાતવર સાબિત થાય છે.

૨. રાહુલ ગાંધીની બદલાયેલી અને પરિપક્વ રાજકીય છબી:

ભૂતકાળમાં વિરોધીઓ દ્વારા એક બદ્ધ રીતે રાહુલ ગાંધીની છબીને નબળી પાડવાના પ્રયાસો થયા હતા. પરંતુ, 'ભારત જોડો યાત્રા' પછી જનતા વચ્ચે સતત રહેનારા 'યાત્રી' તરીકે તેઓ સ્થાપિત થયા અને હવે વર્તમાન સમયમાં તેઓ એક મજબૂત 'સેનાપતિ' તરીકે રાજકીય પરિપક્વતા દેખાડી રહ્યા છે. તેઓ હવે માત્ર કોઈ ચૂંટણી જીતવા માટે નહીં, પરંતુ દેશના મૂળભૂત મુદ્દાઓ, બંધારણ અને પ્રજાના અસ્તિત્વ માટે સીધી અને આરપારની લડાઈ લડી રહ્યા છે.

૩. સત્તાધારી છાવણીમાં વ્યાપેલી મૂંઝવણ અને બેકફૂટ:

જો આ આંદોલન કે રેલી માત્ર 'કોંગ્રેસ પક્ષ' પૂરતી જ મર્યાદિત હોત, તો સત્તાધારી પક્ષ માટે તેના પર નિશાન સાધવું અને આઈટી સેલ દ્વારા ટ્રોલ કરવું ખૂબ જ સરળ હોત. પરંતુ, આ તો હવે 'ભારતની કૂચ' બની ગઈ છે! આ અભિયાનમાં અન્નદાતા ખેડૂતો છે, ભવિષ્ય માટે ચિંતિત વિદ્યાર્થીઓ છે, મોંઘવારીથી પિસાયેલા વેપારીઓ છે અને શાસક પક્ષની વર્તમાન નીતિઓથી અસંતુષ્ટ તથા નારાજ થયેલા સામાન્ય નાગરિકો પણ સ્વૈચ્છિક રીતે જોડાઈ રહ્યા છે. દરવાજા આ રીતે ખુલ્લા મૂકી દેવાથી ગઠબંધનની તાકાત અને જનસમર્થન અનેકગણું વધી ગયું છે.

૪. આ માત્ર એક રેલી નથી, ભવિષ્યની મોટી રાજકીય પટકથા છે:

આ મહારેલીનો ઉદ્દેશ્ય માત્ર દિલ્હીની સરહદો કે રાજધાની પૂરતો સીમિત નથી, પરંતુ આગામી સમયના તમામ ચૂંટણીકીય અને રાજકીય સંગ્રામો માટે એક દેશવ્યાપી વાતાવરણ અને મજબૂત પાયો તૈયાર કરવાનો છે. રામલીલા મેદાનની ધરતી પરથી જે અવાજ ગુંજશે, તે દેશના પ્રત્યેક રાજ્ય, શહેર અને ગામડે-ગામડે પોતાના ગાઢ પડઘા પાડશે.

નિષ્કર્ષ: અસ્તિત્વની આ લડાઈને રોકવી અશક્ય!

ટૂંકમાં કહીએ તો, રાહુલ ગાંધીએ પરંપરાગત રાજકારણની સાંકડી સીમાઓને તોડીને આંદોલનની અસલી કમાન સીધી દેશની જનતાના હાથમાં સોંપી દીધી છે. હવે આ લડાઈ માત્ર દિલ્હીની ખુરશી કે સત્તા મેળવવા પૂરતી સીમિત નથી રહી, પરંતુ આ દેશની લોકશાહી, બંધારણ અને સામાન્ય નાગરિકના અસ્તિત્વને ટકાવી રાખવાની નિર્ણાયક લડાઈ બની ગઈ છે. અને ઈતિહાસ ગવાહી આપે છે કે જ્યારે પણ કોઈ લડાઈ ખુરશી માટે નહીં પરંતુ પ્રજાના અસ્તિત્વ માટે લડવામાં આવે છે, ત્યારે તેને રોકવી સત્તાના નાશમાં ચૂર બેઠેલા શાસકો માટે સૌથી મુશ્કેલ બની જતી હોય છે.

- ગ્રુપ એડિટર પવન માકન

ભારતની આર્થિક ક્રાંતિ: 12 વર્ષમાં 49.6 કરોડ લોકો ગરીબી રેખાથી બહાર આવ્યા, છતાં અસમાનતાનો પડકાર યથાવત!

વર્લ્ડ બૅન્કનો વિસ્ફોટક રિપોર્ટ: ગરીબી દર ઘટીને 16.1% થયો, પરંતુ ટોચના 10% ધનિકો સૌથી ગરીબો કરતા 13 ગણું વધુ કમાય છે

નવી દિલ્હી

ભારત દેશ આર્થિક મોરચે એક તરફ ઈતિહાસ રચી રહ્યો છે, તો બીજી તરફ અસમાનતાના ગંભીર પડકારો પણ સામે આવી રહ્યા છે. વિશ્વ બૅન્ક (World Bank) દ્વારા જારી કરવામાં આવેલા એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારા રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ભારતે છેલ્લા એક દાયકામાં ગરીબી નિવારણ ક્ષેત્રે અભૂતપૂર્વ

સફળતા મેળવી છે. વર્ષ ૨૦૧૧થી ૨૦૨૩ વચ્ચેના સમયગાળામાં ભારતે કુલ ૪૯.૬ કરોડ (૪૯૬ મિલિયન) લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં મોટી સફળતા મેળવી છે, જે વૈશ્વિક સ્તરે એક મોટો રેકોર્ડ છે.

ગરીબી દરમાં જબરદસ્ત ઘટાડો: ૫૭.૭% થી ઘટીને ૧૬.૧% પર પહોંચ્યો

વર્લ્ડ બૅન્કના આંકડાઓ અનુસાર, વર્ષ ૨૦૧૧માં ભારતમાં ગરીબી દર ઊંચો રહીને ૫૭.૭ ટકા જેટલો હતો, જે ઘટીને વર્ષ ૨૦૨૩માં સીધો ૧૬.૧ ટકા પર આવી ગયો છે. સરકારી યોજનાઓ, આર્થિક વિકાસ અને નીચલા સ્તરે પહોંચેલા લાભોના કારણે કરોડો લોકોને બે ટંક રોટી અને પાયભૂત સુવિધાઓ મળતી થઈ છે, જેનાથી દેશના અર્થતંત્રને મોટો વેગ મળ્યો છે.

મોટી ચિંતા: આવકની અસમાનતા અને અમીર-ગરીબ વચ્ચેની ખાઈ યથાવત

એક તરફ ગરીબી ઘટી રહી છે, પરંતુ દેશમાં આર્થિક અસમાનતા (Income Inequality) હજુ પણ અત્યંત ગંભીર ચિંતાનો વિષય બનેલી છે. વર્લ્ડ બૅન્કના રિપોર્ટ મુજબ, ભારતમાં આવકની વહેંચણી અસંતુલિત છે:

દેશના ટોચના ૧૦ ટકા ધનિકો સૌથી ગરીબ ૧૦ ટકા લોકો કરતા ૧૩ ગણું વધુ કમાણી કરી રહ્યા છે.

અમીરો વધુ અમીર થઈ રહ્યા છે જ્યારે પાયાના સ્તરે રહેલા વર્ગને હજુ સંઘર્ષ કરવો પડી રહ્યો છે.

દેશના ૫૭% ગરીબો ઉત્તર પ્રદેશથી પશ્ચિમ બંગાળના પટ્ટામાં કેન્દ્રિત

રિપોર્ટમાં ભૌગોલિક અસમાનતા અંગે પણ મોટો ખુલાસો થયો છે. ભારતની કુલ ગરીબીનો મોટો હિસ્સો એટલે કે અંદાજે ૫૭ ટકા ગરીબો ઉત્તર પ્રદેશથી લઈને પશ્ચિમ બંગાળ સુધીના ભૌગોલિક પટ્ટા (Belt) માં જ કેન્દ્રિત થયેલા છે. આ ક્ષેત્રોમાં સામાજિક-આર્થિક વિકાસની ગતિ વધુ ઝડપી બનાવવી અનિવાર્ય છે.

ભારતે ગરીબી હટાવવાની દિશામાં ઐતિહાસિક છલાંગ લગાવી છે, પરંતુ દેશના પ્રત્યેક નાગરિક સુધી આર્થિક સમૃદ્ધિ સમાન રીતે પહોંચે તે માટે નીતિ ઘડવૈયાઓએ હવે આવકની અસમાનતા દૂર કરવા પર વિશેષ ધ્યાન આપવું પડશે.

ઉત્તરાખંડમાં મોટી હોનારત: જોશીમઠ-બદ્રીનાથ વચ્ચે હેલિકોપ્ટર ક્રેશ, સવાર 6 લોકોના મોતની આશંકાથી હહાકાર

ખરાબ હવામાન અને ધૂમ્મસ બન્યા દુર્ઘટનાનું કારણ: એક દિવસ અગાઉ જ સેવાઓ રહી હતી બંધ

દેહરાદૂન/નવી દિલ્હી

ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારોમાંથી એક અત્યંત દ્રાવક અને ચોંકાવનારી દુર્ઘટના સામે આવી છે. ચારધામ યાત્રાના માર્ગ પર આવેલા જોશીમઠ અને બદ્રીનાથ વચ્ચે એક હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈને ક્રેશ થયાના અહેવાલોથી સમગ્ર દેશમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બદ્રીનાથ ધામથી શ્રદ્ધાળુઓને લઈને દેહરાદૂન તરફ આવી રહેલું 'ટ્રાન્સ ભારત એવિએશન' (Trans Bharat Aviation) નું આ હેલિકોપ્ટર અચાનક ખરાબ હવામાનના કારણે રસ્તે જ દુર્ઘટનાનો ભોગ બન્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ હેલિકોપ્ટરમાં પાયલટ સહિત કુલ ૬ લોકો સવાર હતા (જેમાં ૫ શ્રદ્ધાળુઓ અને ૧ પાયલટનો સમાવેશ થાય છે). બદ્રીનાથથી ટેકઓફ કર્યા બાદ જોશીમઠ પાસે આવેલા હાથી પર્વત આસપાસના વિસ્તારમાં આ હેલિકોપ્ટર સાથેનો સંપર્ક અચાનક તૂટી ગયો હતો. ખરાબ હવામાન અને વિઝિબિલિટી ઓછી હોવાને કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

ખરાબ હવામાનની ચેતવણી છતાં ઉડાન?

હવામાન વિભાગ (IMD) દ્વારા અગાઉથી જ ઉત્તરાખંડના ચમોલી જિલ્લા સહિતના પર્વતીય વિસ્તારોમાં ભારે પવન, તોફાન, વરસાદ અને હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી હતી. ખરાબ હવામાનના કારણે જ ગઈકાલે આ વિસ્તારમાં હેલિકોપ્ટર સેવાઓ સંપૂર્ણપણે બંધ રાખવામાં આવી હતી. જોકે, આજે હવામાન ખુલવાની આશાએ ઉડાન ભર્યા બાદ વાતાવરણમાં અચાનક પલટો આવતા આ દુર્ઘટના ઘટી હોવાની ચર્ચા છે.

દુર્ઘટનાની જાણ થતા જ ઉત્તરાખંડ પ્રશાસન, એસડીઆરએફ (SDRF) અને સ્થાનિક પોલીસની ટીમો તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે રેસ્ક્યુ ઓપરેશન માટે દોડી ગઈ છે. પર્વતીય અને દુર્ગમ વિસ્તાર તેમજ ખરાબ હવામાનના કારણે બચાવ કામગીરીમાં પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હેલિકોપ્ટરમાં સવાર મુસાફરોની સ્થિતિ અંગે હજુ સુધી તંત્ર દ્વારા સત્તાવાર અને અંતિમ વિગતોની રાહ જોવાય રહી છે, પરંતુ પ્રાથમિક અહેવાલો મુજબ જાનહાનિની મોટી આશંકા સેવાઈ રહી છે.

આ દુર્ઘટનાએ ઉત્તરાખંડના પર્વતીય પ્રદેશોમાં ચાલતી હવાઈ મુસાફરી અને હેલિકોપ્ટર ઓપરેશન્સની સુરક્ષા સામે ફરી એકવાર ગંભીર સવાલો ખડા કર્યા છે.

ગાઝિયાબાદમાં પ્રેમ પ્રકરણમાં ખૌફનાક કાવતરું: પત્નીએ જીમ ટ્રેનર સાથે મળીને ઊંઘતા પતિ પર કર્યો ચપ્પુથી ઘાતક હુમલો

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદથી એક અત્યંત ચોંકાવનારો અને હૃદયકંપાવી મૂકેવો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં પવિત્ર પ્રેમ અને લગ્નજીવનના સંબંધોને લજવતી એક સનસનાટીભરી ઘટના ઘટી છે. એક હાઈરાઈઝ સોસાયટીમાં રહેતી મહિલાએ પોતાના અનૈતિક પ્રેમ સંબંધમાં આડખીલી રૂપ બનતા પતિને કાયમ માટે રસ્તામાંથી દૂર કરવા માટે પોતાના જીમ ટ્રેનર પ્રેમી સાથે મળીને એક ખૌફનાક અને ઘાતક ષડયંત્ર રચ્યું હતું. જોકે, ગાર્ડ્સની સતર્કતાથી આરોપી રંગેહાથ પકડાઈ ગયો અને પતિનો જીવ બચી ગયો, પરંતુ આ બનાવથી સમગ્ર પંથકમાં ભય અને અરેરાટીનો માહોલ વ્યાપી ગયો છે.

સ્થાનિક સિક્યુરિટી ગાર્ડ્સ અને પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મહિલા અને તેના જીમ ટ્રેનર વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પ્રેમ સંબંધ ચાલી રહ્યો હતો. આ અનૈતિક સંબંધો અંગે પતિને શંકા જતાં ઘરમાં અવારનવાર તીવ્ર ઝઘડા અને ગૃહક્લેશ થતો હતો. પતિ પોતાના આડાસંબંધો સામે સતત વિરોધ નોંધાવતો હોવાથી પત્ની અને તેના જીમ ટ્રેનરે તેને રસ્તામાંથી કાયમ માટે હટાવી દેવાનો પ્લાન ઘડી કાઢ્યો હતો. યોજના મુજબ, મોડી રાત્રે પતિ પોતાના રૂમમાં ગાઢ નિંદ્રામાં સૂતો હતો, ત્યારે પત્નીએ ગુપચુપ પ્રેમીને ઘરમાં પ્રવેશ આપ્યો હતો. મોકો જોઈને બંનેએ પતિ પર ધારદાર ચપ્પુ વડે કિલર હુમલો કરી દીધો હતો. પતિ કઈ સમજે તે પહેલાં જ તેના શરીર પર ચપ્પુના સળંગ ઘા ઝીંકી દેવામાં

આવ્યા હતા, જેના કારણે આખો રૂમ લોહીથી લુહાણ થઈ ગયો હતો.

હુમલો કર્યા બાદ પ્રેમી જીમ ટ્રેનર રાતના અંધારાનો લાભ લઈને સોસાયટીના મુખ્ય ગેટમાંથી બહાર ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, સોસાયટીના ગેટ પર તૈનાત સતર્ક સિક્યુરિટી ગાર્ડ્સને તેની શંકાસ્પદ હિલચાલ અને ઉતાવળ જોઈને શંકા ગઈ હતી. ગાર્ડ્સે તુરંત સમયસૂચકતા વાપરીને તેને ઘેરી લીધો અને કડક પૂછપરછ કરતા સમગ્ર કાવતરાનો પર્દાફાશ થયો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ગાર્ડ્સે તુરંત જ સ્થાનિક પોલીસને જાણ કરી હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ગંભીર રીતે ઘવાયેલા પતિને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. તબીબોના જણાવ્યા અનુસાર પતિની હાલત અત્યંત નાજુક હોવાથી તેને આઈસીયુ (ICU) માં વેન્ટિલેટર અને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યો છે, જ્યાં તે હાલ જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

ગાઝિયાબાદ પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને પત્ની અને તેના જીમ ટ્રેનર પ્રેમી સામે હત્યાના પ્રયાસ (Attempt to Murder) નો ગુનો નોંધીને બંનેની ધરપકડ કરી લીધી છે. પોલીસે હુમલામાં વપરાયેલું લોહીવાળું ઘાતક હથિયાર પણ જપ્ત કરી લીધું છે અને આગળની કાનૂની તપાસ તેજ કરી દીધી છે.

અનૈતિક સંબંધો અને પ્રેમની અંધાધૂંધીમાં એક હસતો-રમતો પરિવાર સંપૂર્ણપણે બરબાદ થઈ ગયો છે. પાક્કો ગુજરાત ન્યૂઝ આ પ્રકારના અમાનવીય અને ઘાતકી અપરાધની કડક શબ્દોમાં નિંદા કરે છે. હવે જોવાનું એ રહેશે કે આખી ઘટનામાં અદાલત આરોપી પત્ની અને તેના પ્રેમીને કેવા પ્રકારની કડકમાં કડક સજા ફટકારે છે.

નકલી ફૂડનો ખૌફનાક ખેલ: વધુ નફાની લાલચમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં, ક્યારે જાગશે તંત્ર?

અમદાવાદ / ગુજરાત

- **દૂધથી લઈને મસાલા, ઘી, તેલ અને ફરસાણ સુધી બધે જ ઝેરનો કારોબાર: થાળીમાં પીરસાઈ રહ્યું છે જીવલેણ જોખમ!**
- **અમદાવાદ સહિત ગુજરાતભરમાં ફૂડ સેફ્ટીના દાવાઓ પોકળ સાબિત; સામાન્ય લોકોના સ્વાસ્થ્ય સાથે થઈ રહી છે ઘાતક રમત.**
- **આપણા જ પૈસા ચૂકવીને આપણે આપણા પરિવારને ધીમા ઝેર તરફ ધકેલી રહ્યા છીએ? આખરે કડક કાર્યવાહી ક્યારે થશે?**

જ્યારે આપણે સવારે ઊઠીને ચા પીએ છીએ, બાળકોને દૂધ આપીએ છીએ કે પરિવાર સાથે સ્વાદિષ્ટ ભોજન માણીએ છીએ, ત્યારે શું આપણે ક્યારેય એ વિચાર્યું છે કે આપણી થાળીમાં પીરસાઈ રહેલો આ ખોરાક પૌષ્ટિક છે કે પછી મોતનું સામાન? આજની ભાગદોડ ભરેલી જિંદગીમાં અસલી અને નકલી વચ્ચેનો ભેદ પારખવો મુશ્કેલ બની ગયો છે, અને આ જ વાતનો ફાયદો ઉઠાવીને સ્વાસ્થ્યના દુશ્મનો એટલે કે ભેળસેળિયાઓ લોકોના જીવ સાથે ક્રૂર રમત રમી રહ્યા છે. વધુ નફાની લાલચમાં માનવતાને વેચી ખાનારા આ તત્વો હવે ઘર-ઘર સુધી ઝેર પહોંચાડી રહ્યા છે.

થાળીમાં પીરસાતું ઝેર: શું ખાઈ રહ્યા છીએ આપણે?

ગુજરાત જેવા વેપારી રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી નકલી ખાદ્ય પદાર્થો (Fake Food) નું જે કાળું સાંમ્રાજ્ય ફેલાયું છે, તેણે સૌને હચમચાવી દીધા છે. તહેવારોની મોસમ હોય કે સામાન્ય દિવસો, બજારમાં મળતી રોજિંદી ચીજવસ્તુઓ જેવી કે દૂધ, માવો, પનીર, ઘી, તેલ, લાલ મરચું, હળદર, ધાણાજીરું, ચાની પત્તી અને બેકરી આઈટમોમાં બેફામ ભેળસેળ કરવામાં આવી રહી છે. નકલી દૂધ અને પનીર: યુરિયા, ડિટર્જન્ટ અને કેમિકલથી બનતું નકલી દૂધ અને પનીર નાના બાળકો અને વડીલોના લીવર અને કિડનીને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યું છે. ઘાતક મસાલા: લાલ મરચામાં ઈંટનો ભૂકો અને ઘોડાની લીંડી, હળદરમાં લેડ ક્રોમેટ (ઝેરી રંગ) અને ચાની પત્તીમાં વપરાયેલ કલરયુક્ત નકામો કચરો ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે. કેમિકલ યુક્ત તેલ અને ઘી: સસ્તા પામ ઓઈલ અને હાનિકારક કેમિકલ મિક્સ કરીને અસલી ઘી અને બ્રાન્ડેડ તેલના નામે બજારમાં ધડલેક વેચાઈ રહ્યું છે, જે કેન્સર જેવી ભયાનક બિમારીઓને આમંત્રણ આપે છે.

વધુ નફાની લાલચ: માનવતા વેચાઈ રહી છે!

આજે સ્થિતિ એવી છે કે ભેળસેળ કરનારાઓ માટે માનવ જીવનની કોઈ જ કિંમત નથી રહી. થોડાક રૂપિયાના વધારાના નફા માટે આ લોકો લાખો લોકોના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી રહ્યા છે. બજારમાં જ્યારે દરોડા પડે છે ત્યારે ટનબંધ નકલી અને અખાદ્ય સામગ્રી પકડાય છે, પરંતુ સવાલ એ થાય છે કે શું આ દરોડા માત્ર દેખાડા પૂરતા જ છે? જ્યારે પણ કોઈ નકલી ફેક્ટરી પકડાય છે ત્યારે થોડા દિવસો માટે હોબાળો મચે છે, અને પછી બધું જ પહેલા જેવું સામાન્ય થઈ જાય છે. આખરે આ ભેળસેળિયાઓ કાયદાની છટકબારીઓનો લાભ લઈને છૂટી કેમ જાય છે? તેમને જેલના સળિયા પાછળ ધકેલવાને બદલે માત્ર દંડ ફટકારીને છોડી મૂકવામાં આવે છે, જેના કારણે તેમના હૌસલા વધુ બુલંદ બને છે.

તંત્રની ઘોર નિદ્રા અને ફૂડ સેફ્ટીના પોકળ દાવાઓ

મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સમયાંતરે નમૂના લેવાની કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે જનતાના સ્વાસ્થ્યની રક્ષા માટે જે કડકાઈ હોવી જોઈએ તે ગાયબ છે. સેમ્પલ લેવાયા બાદ લેબોરેટરીનો રિપોર્ટ આવતા મહિનાઓ નીકળી જાય છે, અને આ દરમિયાન પ્રજા તો એ નકલી ઝેર ખાઈ ચૂકી હોય છે!

શું પ્રજાએ માત્ર કરવેરા એટલા માટે જ ભરવાના કે બદલામાં તેમને બજારમાંથી ઝેર ખાવા મળે? સ્વાસ્થ્ય વિભાગ અને સરકારની જવાબદારી બને છે કે તેઓ માત્ર દિવાળી કે તહેવારો પર જ નહીં, પરંતુ બારેમાસ આવા ભેળસેળિયાઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવે.

ડિજિટલ ફ્રોડમાં બેન્કોની બેદરકારી ચાલી નહીં લેવાય: સુપ્રીમ કોર્ટનો લાલઘૂમ આદેશ, પીડિતોને વળતર ચૂકવવું પડશે!

ભારત દેશ આજે એક તરફ 'ડિજિટલ ઈન્ડિયા' તરફ ઝડપભેર આગળ વધી રહ્યો છે, તો બીજી તરફ સાયબર ઠગો અને ડિજિટલ ફ્રોડ કરનારા તસ્કરોએ નિર્દોષ નાગરિકોના બેંક ખાતાં ખાલી કરી નાખવાની ડાકુઓ જેવી લૂંટ ચલાવી છે. દેશભરમાં વધતા જતા ડિજિટલ ફ્રોડ અને સાયબર ગુનાઓ સામે હવે દેશની સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) સખત વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, ડિજિટલ ફ્રોડના પીડિતોને થઈ રહેલા આર્થિક નુકસાન માટે બેન્કોને સીધી જવાબદાર ઠેરવવી જોઈએ! જો તપાસમાં એ સાબિત થાય કે બેન્ક કે તેના કર્મચારીઓ તરફથી કોઈ પણ પ્રકારની બેદરકારી દાખવવામાં આવી છે, તો બેન્કોએ નાગરિકોને ગુમાવેલા નાણાંનું વળતર ચૂકવવું જ પડશે. આંકડા ચોંકાવનારા: ૫૦ ટકા ગુના ઘટ્યા છતાં જનતાએ ગુમાવ્યા ૮૦૦ કરોડ! મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતના અધ્યક્ષપદ હેઠળની બેન્ચે સુનાવણી દરમિયાન ગંભીર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ વર્ષે સાયબર ગુનાઓમાં જોકે ૫૦ ટકા જેટલો નોંધપાત્ર ઘટાડો થયો છે, છતાં પણ સાયબર ઠગોની ચાલાકીના કારણે દેશના સામાન્ય નાગરિકોએ અંદાજે ૮૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ગુમાવવાનો વારો આવ્યો છે. બેન્કો દ્વારા સમયસર શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન્સને રોકવા માટે કોઈ મજબૂત મિકેનિઝમ કે નિયમો ન હોવાના કારણે ઠગો ફાવી જાય છે.

પાક્કો ગુજરાત
શનિવાર | 31 ઓક્ટોબર 2026 | અમદાવાદ

લોકપ્રશ્નનો ધારદાર અવાજ બનતું 'પાક્કો ગુજરાત' : ડભોઇ સરિતા ઓવરબ્રિજ પરના મોત સમાન ખાડા પૂરાયા

'પાક્કો ગુજરાત'ના અહેવાલના 60 જ કલાકમાં ઊંઘતું તંત્ર હરકતમાં આવ્યું

ડભોઇ

લોક સમસ્યાઓને વાચા આપીને સુતેલા વહીવટી તંત્રને ઢંઢોળવાનું કામ હંમેશા 'પાક્કો ગુજરાત' કરતું આવ્યું છે. તેની એક તાજી અને ધારદાર અસર ડભોઇ શહેરમાં જોવા મળી છે. ડભોઇ તરફ ઉતરતા મુખ્ય માર્ગ પર આવેલા સરિતા ઓવરબ્રિજ પર છેલ્લા ઘણા સમયથી બિહામણા અને જીવલેણ ખાડાઓ પડી ગયા હતા. આ ગંભીર સમસ્યા અંગે 'પાક્કો ગુજરાત' દ્વારા ગ્રાઉન્ડ ઝીરો પર જઈને વાસ્તવિકતા છતી કરતો ધારદાર અહેવાલ પ્રસારિત કરવામાં આવ્યો હતો. આ અહેવાલની ચોટદાર અસર એવી થઈ કે અહેવાલ પ્રસિદ્ધ થયાના વિતેલા માત્ર ૬૦ જ કલાકની અંદર ડભોઇ નગરપાલિકા અને માર્ગ-મકાન તંત્ર સફાળું જાગી ગયું હતું અને બ્રિજ પર યુદ્ધના ધોરણે સમારકામ શરૂ કરી દેવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સરિતા ઓવરબ્રિજ પરથી ડભોઇ શહેરમાં પ્રવેશતા મુખ્ય માર્ગ પર બે થી ત્રણ ફૂટ જેટલા ઊંડા અને વિશાળ ખાડા પડી ગયા હતા. દરરોજ અહીંથી હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનો પસાર થાય છે. દિવસ દરમિયાન તો ઠીક, પરંતુ રાત્રિના સમયે અંધારામાં આ ખાડાઓ દ્વિચક્રી વાહનચાલકો માટે સાક્ષાત મોતનો કૂવો બની જતા હતા. અનેક વાહનચાલકો સ્લિપ થઈ જતાં નાની-મોટી ચાલતી દુર્ઘટનાઓ સર્જાતી હતી. આ અંગે સ્થાનિક રહીશો અને વાહનચાલકો દ્વારા નગરપાલિકા અને સંબંધિત વિભાગમાં અસંખ્ય વાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ દર વખતની જેમ મૂર્છિત તંત્ર આંખ આડા કાન કરીને કુંભકર્ણની નિંદ્રામાં સોડ તાણીને સૂતું રહ્યું હતું.

આખરે લોકોની આ રોજિંદી યાતના અને જીવના જોખમને વાચા આપવા 'પાક્કો ગુજરાત'ની ટીમે મોરચો સંભાળ્યો હતો. અમારી ટીમે સ્થળ પર પહોંચીને પરિસ્થિતિનું તાગ મેળવ્યો હતો અને વાહનચાલકોની કડવી વાસ્તવિકતા અને તંત્રની બેદરકારીને ખુલ્લી પાડતો એક સણસણતો અહેવાલ રજૂ કર્યો હતો. અહેવાલમાં રજૂ કરાયેલા આકરા સવાલો અને જનતાના આક્રોશને કારણે સરકારી આકાઓ અને અધિકારીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. અહેવાલ પ્રસારિત થતાંની સાથે જ સ્થાનિક વહીવટી તંત્ર પર ભારે દબાણ ઊભું થયું હતું. પરિણામે, અહેવાલના માત્ર ૬૦ કલાકના ટૂંકા ગાળામાં જ નગરપાલિકાનું તંત્ર એક્શન મોડમાં આવી ગયું હતું. જે તંત્ર મહિનાઓથી આ ખાડાઓ તરફ જોવાની પણ તસ્દી લેતું નહોતું, તે જ તંત્ર જેસીબી મશીનરી, ડામર મટીરીયલ અને મજૂરોના કાફલા સાથે સરિતા ઓવરબ્રિજ પર ધસી આવ્યું હતું. હાલ બ્રિજ પર પડી ગયેલા જોખમી ખાડાઓને પૂરવાની અને રોડને સમતલ કરવાની કામગીરી પૂરા જોશમાં ચાલી રહી છે, જેના કારણે માર્ગ પરનો વાહન વ્યવહાર ફરી એકવાર સુગમ અને સુરક્ષિત બન્યો છે. તંત્રની આ કામગીરીથી સ્થાનિક રહીશો, વેપારીઓ અને દરરોજ અવરજવર કરતા રાહદારીઓએ ભારે રાહતનો શ્વાસ લીધો છે. લોકોએ 'પાક્કો ગુજરાત'ની આક્રમક અને નિષ્પક્ષ પત્રકારત્વની મુક્ત મને સરાહના કરી હતી અને દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે જો 'પાક્કો ગુજરાત' દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં ન આવ્યો હોત, તો કદાચ કોઈ મોટો અકસ્માત કે જાનહાનિ થાય ત્યાં સુધી આ આંધળું તંત્ર જાગ્યું ન હોત. જોકે, આ સમગ્ર ઘટનાક્રમ બાદ સ્થાનિક લોકમુખે એક મોટો પ્રશ્ન એ પણ ચર્ચાઈ રહ્યો છે કે, શું વહીવટી તંત્ર પાસે પોતાની કોઈ જવાબદારી કે નૈતિકતા બચી જ નથી? દર વખતે મીડિયા અહેવાલ આપે, ફજેતો થાય અને જનતા આક્રોશ વ્યક્ત કરે ત્યારે જ કેમ તંત્ર ઊંઘમાંથી જાગે છે?

પોરબંદર પોલીસનો સપાટો ત્રણ બુટલેગરો પાંજરે પુરાયા બાદ વધુ એક શખ્સ સામે પાસા

નવીબંદર મરીન પોલીસ સ્ટેશનના રૂ.1 કરોડથી વધુના દારૂના ગુનામાં સંડોવાયેલા રાજસ્થાનના શખ્સની પોરબંદર એલ.સી.બી.એ કરી અટકાયત કરી અમદાવાદ ખસેડાયો

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લામાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તત્વો સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અગાઉ આવા ગુનાઓમાં સંડોવાયેલા ત્રણ શખ્સો સામે PASA હેઠળ કાર્યવાહી કર્યા બાદ વધુ એક આરોપી સામે પણ પાસા હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવ્યાં છે. નવીબંદર મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં સંડોવાયેલા રાજસ્થાનના આરોપીને અટકાયત કરી અમદાવાદ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા (IPS) તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા (IPS) દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્રવૃત્તિમાં સંડોવાયેલા ઇસમો સામે PASA હેઠળ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના અનુસંધાને ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુના માર્ગદર્શન હેઠળ પોરબંદર એલ.સી.બી. દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નવીબંદર મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના અંતર્ગત અલગ-અલગ બ્રાન્ડની કંપની સીલપેક વિદેશી દારૂની કુલ ૨૫,૫૬૦ બોટલો, જેની કિંમત રૂ. ૧,૦૦,૩૦,૮૭૨ થાય છે, તે મુદ્દામાલના ગુનામાં રાજસ્થાન રાજ્યના ભીલવાડા જિલ્લાના બદનોર તાલુકાના જેતગઢ ગામે રહેતા ગોપાલલાલ લાદુલાલ લોહાર (ઉંમર ૪૨ વર્ષ) સંડોવાયેલા હોવાનું સામે આવ્યું હતું. પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચના મુજબ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયા દ્વારા આરોપી વિરુદ્ધ PASA હેઠળ અટકાયતની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા પોલીસ અધિક્ષક મારફતે પોરબંદર જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલવામાં આવી હતી.

ગીર સોમનાથની બે સગીરાનું મહેસાણામાં ધર્માંતરણ

ઉનાવાની મીરા દાતાર દરગાહમાં 3 દિવસ રાખી, નામ બદલાવી બુરખો પહેરાવી કલમા પઢાવ્યાં

ઉના, કૈલૈશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારની બે સગીરાને મહેસાણાના ઉનાવા ગામે લઈ જઈ ધર્મપરિવર્તન કરાવવા અને એક સગીરાના લગ્ન કરાવવાના પ્રયાસનો મામલો સામે આવ્યો છે. આ કેસમાં કોડીનાર પોલીસે મહેસાણાના ઉનાવાની પ્રસિદ્ધ મીરા દાતાર દરગાહના મૌલવી સહિત ચાર આરોપી સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે. પોલીસે ગુમ થયેલી બંને સગીરાને ઉનાવા સ્થિત દરગાહમાંથી બુરખો પહરેલી સ્થિતિમાં શોધી કાઢી હતી અને મહિલા પોલીસ દ્વારા કાઉન્સીલિંગ કરી બંનેને સહી સલામત પરત કોડીનાર લાવવામાં આવી હતી.

કોડીનારમાં બે સગીરા ગુમ થવા અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ત્યાર બાદ પોલીસે આસપાસના વિસ્તારોનાં CCTV ફૂટેજ તપાસ્યાં હતાં. તપાસ દરમિયાન બંને સગીરાનું લોકેશન મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના ઉનાવા ગામ તરફ મળતાં કોડીનાર પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. સ્થાનિક પોલીસની મદદથી મીરા દાતાર દરગાહમાંથી બંને સગીરાને શોધી કાઢવામાં આવી હતી. બંને સગીરા બુરખો પહેરેલી

હાલતમાં મળી આવતાં પોલીસે તેમનો કબજો મેળવી કોડીનાર પરત લાવી હતી. કોડીનાર પરત લાવ્યા બાદ મહિલા પોલીસ દ્વારા બંને સગીરાની કાઉન્સેલિંગ સાથે પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન સગીરાઓએ આપેલી વિગતોના આધારે તેમને કોડીનારથી મહેસાણાના ઉનાવા સુધી લઈ જવા, બુરખો પહેરાવવા અને નામ બદલવા સહિતના આક્ષેપો સામે આવ્યા હતા. પોલીસની તપાસમાં આ સમગ્ર ઘટનામાં અન્ય વ્યક્તિઓની સંડોવણી હોવાની વિગતો પણ બહાર આવી હોવાનું જાણવા મળે છે. આ ઘટનાને લગતો આશરે છ મિનિટનો એક વીડિયો પણ સામે આવ્યો છે.

એક્સપ્રેસ હાઇવે પરથી રૂ.6.01 લાખના દારૂ સાથે રાજસ્થાનનો શખ્સ ઝડપાયો

ભરૂચ

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે સફેદ સ્વિફ્ટ કારમાંથી વિદેશી દારૂની 966 બોટલ અને બીયરના ટીન સહિત રૂ.6,01,086નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. ચીખલીથી વડોદરા તરફ દારૂનો જથ્થો લઈ જવાતો હોવાની બાતમીના આધારે એલસીબીની ટીમે હાઈવે પર વોચ ગોઠવી કારને કોર્ડન કરી હતી. પોલીસે કાર નંબર MH-12-MB-4804 રોકાવી તપાસ કરતાં પાછળની બેઠકના ભાગમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના બોક્સ અને છૂટક બોટલો મળી આવી હતી. પોલીસે રાજસ્થાનના બાડમેર જિલ્લાના શેડવા તાલુકાના ગુલ્લે કી બેડી ગામના ગોવિંદ દિનેશકુમાર થોરી (બિશ્નોઈ)ને ઝડપી પાડ્યો હતો, જ્યારે તેની બાજુની સીટ પર બેઠેલો વિઠ્ઠલ બિશ્નોઈ નાસી છૂટ્યો હતો. પકડાયેલા આરોપીએ દારૂનો જથ્થો ચીખલી પાસેના એક્સપ્રેસ હાઈવે પરથી લાવી આર્થિક ફાયદા માટે વેચાણ કરવાના ઈરાદે વડોદરા લઈ જતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે વિદેશી દારૂ અને બીયરના ટીનની કિંમત રૂ.2,88,086, વિવો મોબાઈલની કિંમત રૂ.3,000 અને સ્વિફ્ટ કારની કિંમત રૂ.3 લાખ મળી કુલ રૂ.6,01,086નો મુદ્દામાલ કબજે કર્યો છે.

શિનોર તાલુકાના 11833 ખેડૂતોને ₹2,37 કરોડ 24મા હપ્તા પેટે ખેડૂતોના ખાતામાં DBTથી જમા થશે

રેગ્યુલર રેકોર્ડ હોવા છતાં 72 વર્ષના વિધવા બેનને 23 મો હપ્તો મળ્યો નથી, અન્ય ઘણા ખાતામાં મળ્યા નથી

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકામાં આજ રોજ તારીખ 30 ઓક્ટોબર 2026 સવારે 9:30 કલાકે એકી સાથે પીએમ કિસાન ઉત્સવ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી અને ભીલડી (બનાસકાંઠા) ખાતેથી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી દેશ વ્યાપી ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન સહાય યોજનાનો 24 મો હપ્તો જમા થયો હતો.

શિનોર તાલુકા અમલીકરણ સમિતિ દ્વારા શિનોર તાલુકાના છાણભોઈ, સીમડી, મોટા ફોફળિયા અને માલસર મુકામે પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી સૌને પ્રધાનમંત્રી પીએમ કિસાન સહાય યોજના ના 24 માં હપ્તા ના વિતરણ સાથે માહિતગાર કરવામાં આવ્યા હતા. તાલુકા અમલીકરણ સમિતિ દ્વારા આ કાર્યક્રમ પૂરો થયા પછી પધારેલા તમામ ખેડૂતો માટે જમણવારની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે ઘણી જગ્યાએ પૂરતો પ્રચાટ અને પ્રસાર થયો ના હોવાના કારણે ખેડૂતોની સંખ્યા ઘણી ઓછી હતી એવું દેખાઈ આવતું હતું. તાલુકા અમલીકરણ સમિતિ માં કોણ અધ્યક્ષ અને સભ્યો હોય છે તેની માહિતી આયોજકોને ખબર નહોતી. શિનોર તાલુકાના સાધલી મુકામે રહેતા અને કરજણ તાલુકાના વેમાર ગામે ખેતી ધરાવતા 72 વર્ષના વિધવા મધુબેન પટેલ ને 18 એપ્રિલ 2024 થી રજીસ્ટ્રેશન કરાવેલ હોવા છતાં તારીખ પાંચ જાન્યુઆરી 2026 ના રોજ પાંચમો હપ્તો મળ્યા પછી 23 મો હપ્તો મળ્યો નહોતો અને તે બાબતે ગ્રામસેવક તથા તાલુકા વિકાસ અધિકારી કરજણ જાણ કરતાં કોમ્પ્યુટરમાં તેઓનો રેકોર્ડ રેગ્યુલર બતાવતો હતો અને હપ્તો પ્રોસેસમાં છે ,તેમ કોમ્પ્યુટર બતાવતું હતું થતો આજ દિન સુધી 23 મો હપ્તો મળ્યો નહોતો એ કડવી હકીકત છે. સંબંધિત તંત્ર સીનીયર સીટીઝન અને વિધવા મધુબેન ને આ 23 માં હપ્તા અને 24 માં હપ્તા બાબતે તપાસ કરી ઘટતું કરે એવી માંગ છે.

જોકે ઘણા ખેડૂતોને અગાઉ હપ્તા મળતા હતા, પરંતુ ગમે તે કારણસર પાછળથી કેન્સલ થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે.તેના કારણની પણ જાણ કરાતી નથી.

GEBના એન્જિનિયરો આંદોલનના માર્ગે

જેટકોમાં વધતા કાર્યબોજ અને સ્ટાફની અછત મુદ્દે આવતીકાલથી રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન!!

ગાંધીનગર

ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ એન્જિનિયર્સ એસોસિએશન દ્વારા જેટકો મેનેજમેન્ટની વહીવટી નીતિઓ સામે રોષ વ્યક્ત કરતા રાજ્યભરના એન્જિનિયરો આંદોલનના મૂડમાં આવી ગયા છે. એસોસિએશને આક્ષેપ કર્યો છે કે લાંબા સમયથી ઈજનેરો પાસેથી કોઈપણ જાતના વધારાના નાણાકીય લાભ વગર વધારાનું કામ લેવામાં આવી રહ્યું છે. જે મુદ્દે આવતીકાલથી કાળી પટ્ટી ધારણ કરી જેતે વહીવટી કચેરીઓ ખાતે રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન યોજી 1 નવેમ્બરથી વર્ક ટુ રૂલની ચીમકી પણ ઉચ્ચારી છે.

ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ એન્જિનિયર્સ એસોસિએશન દ્વારા જેટકો મેનેજમેન્ટની વહીવટી કામગીરી સામે અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. લાંબા સમયથી ઈજનેરોને કોઈપણ પ્રકારના વધારાના નાણાકીય લાભ વિના વધારાનો કાર્યભાર સોંપવામાં આવતો હોવાનો ગંભીર આક્ષેપ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યો છે. ફિલ્ડમાં દર વર્ષે આશરે 100 નવા સબસ્ટેશનનો ઉમેરો થતો હોવા છતાં તે પ્રમાણમાં નવા કર્મચારીઓની પૂરતી ભરતી કરવામાં આવતી નથી. જેના કારણે હાલના ફરજ બજાવતા એન્જિનિયરો પર કાર્યબોજનો ભારે વધારો થઈ રહ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એસોસિએશન દ્વારા તેમની વિવિધ પડતર માંગણીઓના ત્વરિત ઉકેલ માટે વિરોધ કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. એસોસિએશનની મુખ્ય માંગણીઓમાં સરકાર દ્વારા મંજૂર કરાયેલા મહેકમ મુજબ જગ્યાઓ મંજૂર કરીને તેની પર કાયમી ભરતી કરવી, નવા ઈજનેરોની નિમણૂક કરવી અને વધારાના કાર્યભાર તેમજ તેના નાણાકીય લાભ અંગે યોગ્ય તથા સંતોષકારક નિર્ણય લેવાનો સમાવેશ થાય છે. આ આંદોલનના કાર્યક્રમ ભાગરૂપે આવતીકાલે 30 ઑક્ટોબરથી રાજ્યભરના ઈજનેરો કાળી પટ્ટી ધારણ કરીને પોતાની ફરજ બજાવશે તેમજ વહીવટી કચેરીઓની બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે. આ વિરોધ છતાં જો માંગણીઓ નહીં સંતોષાય તો 1 નવેમ્બરથી સત્તાવાર રીતે વર્ક-ટુ-રૂલ મુજબ કામગીરી કરીને તમામ વધારાનો કાર્યભાર સંપૂર્ણપણે છોડી દેવાની આકરી જાહેરાત પણ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છેકે ઈજનેરોની આ પડતર માંગણીઓનો સમયસર ઉકેલ આવે અને વધતા જતા કાર્યબોજ સામે યોગ્ય વહીવટી વ્યવસ્થા ઊભી થાય તે માટે એસોસિએશનના એસ.ડી. પટેલ (મહામંત્રી, જીબીયા જેટકો) સહિતના હોદ્દેદારો દ્વારા સતત રજૂઆતો કરવામાં આવી રહી છે.

સુરતના સચીન GIDCમાં માનવ જિંદગી સાથે ખેલતા 4 બોગસ ડૉક્ટરો પકડાયા: પોલીસની ડ્રાઈવથી નકલી તબીબોમાં ફફડાટ!

એલોપેથિક દવાઓ અને ઇન્જેક્શનોનો ગેરકાયદેસર ધંધો ચલાવતા રામબહાદુર, આશીષ, નરોત્તમ અને મહેન્દ્ર પવાર સચિન જીઆઈડીસી પોલીસના સળિયા પાછળ

સુરત

સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં નિર્દોષ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા ગેરકાયદેસર અને ડિગ્રી વગરના બોગસ તબીબો (ઉંટવૈદ્યો) સામે સુરત પોલીસે આક્રમક ઝુંબેશ શરૂ કરી છે. સુરતના સચીન જીઆઈડીસી વિસ્તારમાં પોલીસે જિલ્લા આરોગ્ય વિભાગની ટીમને સાથે રાખીને અલગ-અલગ ક્લિનિક્સ પર એકસાથે તૂટી પડીને સચોટ રેડ પાડી હતી. આ સંયુક્ત ઓપરેશનમાં કોઈ પણ પ્રકારની અધિકૃત તબીબી ડિગ્રી કે લાયકાત વગર બિન્દાસ દર્દીઓની સારવાર કરતા ૪ બોગસ ડૉક્ટરોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. સુરત પોલીસ કમિશનર વાબાંગ જામીરની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેરમાં 'બોગસ ડોક્ટરો સામે સ્પેશિયલ ડ્રાઈવ' ચાલી રહી છે, જેના ભાગરૂપે આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સચીન જીઆઈડીસી પોલીસે આરોગ્ય વિભાગની સાથે મળીને દરોડા પાડીને જે ચાર ઠગ અને નકલી ડોક્ટરોને દબોચી લીધા છે, તેમની વિગતો નીચે મુજબ છે: ૧. રામબહાદુર અભીબરન વર્મા (જેણે માત્ર સામાન્ય ગ્રેજ્યુએશન (બી.એ.) સુધીનો અભ્યાસ કર્યો છે, છતાં તે ક્લિનિક ચલાવીને એલોપેથિક દવાઓ આપતો હતો.) ૨. આશીષ રામસાગર મોર્યા (જેણે માત્ર આયુષ્માન પેરા મેડિકલનો સામાન્ય કોર્સ કર્યો છે, પરંતુ તબીબ બનીને બેઠો હતો.) ૩. નરોત્તમ સુરેશ બૈરાગી (જેણે માત્ર ૧૦મા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે, તેમ છતાં લોકોના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં કરતો હતો.) ૪. મહેન્દ્ર શ્યામરાઓ પવાર (જેણે બી.ઈ.એમ.એસ. (BEMS) નો અભ્યાસ કર્યો હોવાનું ખુલ્યું છે, છતાં કાયદેસરની એલોપેથિક પ્રેક્ટિસના કોઈ જ માન્ય દસ્તાવેજો કે રજિસ્ટ્રેશન નહોતા.) પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ચારેય આરોપીઓ સચીન જીઆઈડીસી વિસ્તારમાં અલગ-અલગ જગ્યાએ પોતાના દવાખાના કે ક્લિનિક ચલાવતા હતા. તેમની પાસે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું કોઈ જ રજિસ્ટ્રેશન કે એલોપેથિક દવાઓ લખવાની કે વાપરવાની કાયદેસરની પરવાનગી નહોતી. તેમ છતાં, તેઓ સામાન્ય નાગરિકો અને શ્રમિક વર્ગના લોકોને બીમારીના ઈલાજના નામે ભારેખમ એલોપેથિક દવાઓ, બોટલો અને ઈન્જેક્શનો આપતા હતા. ડિગ્રી વગરના આ ઈસમો લોકોના જીવન સાથે સીધા ખેલ કરી રહ્યા હતા. આરોગ્ય વિભાગની ટીમે સ્થળ પરથી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર દવાઓ, મેડિકલ સાધનો અને ઈન્જેક્શનોનો જથ્થો જપ્ત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેરમાં રૂ.35.49 લાખનો મુદ્દામાલ ઝડપાયો, દારૂના કેસમાં 4 આરોપી પકડાયા

મોરબી

મોરબી જિલ્લાના વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની આશરે 55 પેટીમાંથી 658 બોટલ સહિત કુલ રૂ.35,49,074નો મુદ્દામાલ કબજે કર્યો છે. વાંકાનેર જકાતનાકા ચાર રસ્તા પાસે જડેશ્વર મોબાઈલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ નામની દુકાન સામે જાહેર રસ્તા પર પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.જી. એનુરકરની ટીમે આ કાર્યવાહી કરી હતી. દારૂના જથ્થાની કિંમત રૂ.10,41,674 હોવાનું જણાવાયું છે. દરોડા દરમિયાન રાજસ્થાનના જાલોર જિલ્લાના ચિતલવાના વિસ્તારના શ્રવણકુમાર બુદ્ધરામ બિશ્નોઈ, વિકાસકુમાર સહીરામ બિશ્નોઈ, અશોકકુમાર લધુરામજી બિશ્નોઈ અને રાહુલકુમાર રઘુનાથરામ બિશ્નોઈને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત એક વાહન સહિત અન્ય મુદ્દામાલ પણ કબજે કર્યો હતો. આ કેસમાં કૈલાશ ઉર્ફે સંજુ બિશ્નોઈ (રાનીવાડા, જાલોર), સંજીવ (ગુડગાંવ, હરિયાણા), વિપુલ (મોરબી) અને ફોર્ચ્યુનર કાર નંબર RJ-14-UK-2540ના માલિક સહિત ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

બોખરીયા ગેંગનો આતંક: રાયસણની સોસાયટીમાં ગેરકાયદે PG સામે અવાજ ઉઠાવતા વેપારી પર જીવલેણ હુમલો

સોસાયટીના સભ્યો દ્વારા અગાઉ આ ગેરકાયદેસર પીજી બંધ કરવા માટે લેખિતમાં રજૂઆતો કરવા છતાં સંચાલકો પોતાની મનમાની ચલાવતા હતા

ગાંધીનગર

ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં ચાલતા ગેરકાયદેસર PG વિરુદ્ધ રજૂઆત કરવા બાબતની અદાવત રાખીને ઓમ જ્વેલર્સના વેપારી સહિતના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હુમલો કરાયાની ઘટના સામે આવી છે. જે અંગેના સીસીટીવી પણ સામે આવ્યા છે.આ મામલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં પીજી સંચાલક અને તેના મળતિયાઓ વિરુધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના રાયસણ પેટ્રોલ પંપની પાછળ બેરીલ ફ્લેટની નીચે ઓમ જ્વેલર્સ' નામની દુકાન ચલાવતા વિપુલભાઈ વિઠ્ઠલભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છેકે, સોસાયટીના મકાન નંબર 36 અને 37માં મિત રામભાઈ બોખરીયા છેલ્લા બે વર્ષથી ગેરકાયદેસર રીતે પી.જી. ચલાવે છે. આ પીજીમાં 50થી 60 જેટલા છોકરાઓ રહેતા હોવાના કારણે સોસાયટીમાં અશાંતિનું વાતાવરણ રહેતું હતું. જેના કારણે સોસાયટીના બાળકો તથા સ્ત્રીઓ પર તેની ખૂબ જ ખરાબ અસર પડતી હતી. સોસાયટીના સભ્યો દ્વારા અગાઉ આ ગેરકાયદેસર પીજી બંધ કરવા માટે લેખિતમાં રજૂઆતો કરવા છતાં સંચાલકો પોતાની મનમાની ચલાવતા હતા.જેથી અગાઉ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં અરજી પણ કરવામાં આવી હતી. જોકે પોલીસ સ્ટેશનમાં અરજી કર્યાની જાણ થતાં મિત બોખરીયાએ(રહે. અક્ષર પાર્ક સોસાયટી, કોબા) વિપુલભાઈને રસ્તામાં રોકીને ધમકી આપેલી કે તારા પિતાજી સોસાયટીના પ્રમુખ છે. પીજી બાબતે ક્યાંય રજૂઆતો ન કરે નહિતર ગુંડાઓ મોકલીને જાનથી મારી નાખીશું.

પ્રોડ્યુસરને ન્યુડિટી દેખાડવી હોય તો ઠીક છે પણ મને એડવાન્સમાં કહેવું પડે

ફિલ્મના પ્રમોશન વખતે રાધિકા આપ્ટેએ મહિલા કલાકારો સામે થતા શોષણ અંગે કર્યો ખુલાસો

મુંબઇ

બોલિવૂડ એક્ટ્રેસ રાધિકા આપ્ટેની જ્યારે પણ વાત સામે આવે છે ત્યારે એ વાતમાં કંઈક તો એવું હોય છે જે ફેન્સને ચોંકાવી દે છે. રાધિકાના ફેન્સ પણ એ વાત જાણે છે કે, રાધિકાનો બેબાક અંદાજ પહેલેથી જ રહ્યો છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના અનુભવ અંગે વાત કરતા રાધિકાએ જમીન સરકી જાય એવી હકીકત બહાર આવી છે. હાલમાં તે પોતાના શૉ અક્કાના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ પ્રમોશન વચ્ચે એક ખાસ મુલાકાત આપીને તેણે પોતાના કરિયરના શરૂઆતના દિવસોને યાદ કર્યા હતા અને નારાજગી પણ વ્યક્ત કરી હતી. બોલિવૂડમાં ખરાબ અનુભવ અંગે વાત કરતા રાધિકાએ જણાવ્યું હતું કે, મને એક એક્શન ફિલ્મ માટે બોલાવી અને ઈનરવેરમાં તે શુટ કરવાનું છે એવું કહ્યું. આ પ્રકારની માગ સામે અવાજ ઊઠાવવા પર વાત આવે ત્યારે ઈન્ટીમસી કો-ઓર્ડિનેટર્સને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવે છે. મારા પાસેથી એવી આશા રાખવામાં આવી કે, હું ઈનરવેરમાં શુટ કરૂ અને પોઝ આપું. આ આખી એક એક્શન સિક્વન્સ હતી.

એ સમયે તેમણે મને કહ્યું હતું કે, તમે બ્રા વગર ડાયરેક્ટ શર્ટ પહેરી શકો અને બટન ખુલ્લા રાખી શકો? પછી મેં એમને આ વિષય પર કહ્યું કે, થોડું ફિઝિક્સ અંગે તો વિચારો. ફિલ્મોમાં એક્શન સિન કરતી વખતે પણ એક્ટ્રેસ પાસેથી એવી આશા રાખવામાં આવે છે કે, તે દર્શકોનું 'મનોરંજન' કરે. આ મનોરંજન થોડું છે? આવા વિષયો પર મારા વિચારો થોડા અલગ છે. જ્યારે હું કોઈ રોલ સાઈન કરૂ છું તો સ્પષ્ટતા કરી આપું છું કે, આ પાત્રને લઈને તમારૂ વિઝન શું છે? મને જે તે સીનના બે દિવસ પહેલા આ પાત્રનો અંદાજ કહેવામાં આવે એ મને પસંદ નથી. કારણ કે ખરેખર મુશ્કેલી ત્યાં જ ઊભી થાય છે. હું એ જ ચોખવટ કરૂ છું કે, જો કોઈ પાત્ર તમે લખ્યું છે, જે ફિલ્મમાં મોટા ભાગના સીનમાં વગર કપડામાં રહે છે. એ પાછળ તમારૂ કોઈ કારણ ગમે તે હોય, હું જાણી-વિચારીને પાત્ર પર સાઈન કરૂ છું કે, મારે શું કરવાનું છે? સીનના બે દિવસ પહેલા કોઈ મારી સાથે પાત્ર કે સીનને લઈને સોદાબાજી કરે છે અને કપડાને લઈને કોઈ પ્રેશર કરે છે તો આ ખરેખર મુશ્કેલી ઊભી કરનારૂ બની જાય છે. મારી સાથે આવું કંઈ થાય છે તો વાત બે બે અઠવાડિયા સુધી ક્લિયર થતી નથી. ચાલતી જ રહે છે, ચાલતી જ રહે છે.

સીનના બે દિવસ પહેલા કોઇ મારી સાથે પાત્ર કે સીનને લઈને સોદાબાજી કરે છે અને કપડાને લઈને કોઇ પ્રેશર કરે છે તો આ ખરેખર મુશ્કેલી ઊભી કરનાારૂ બની જાય છે

સારા અલી ખાન વિરુદ્ધ ફતવો જાહેર

મૌલાનાએ સારા અલી ખાનના આ પગલાને ઇસ્લામ અને શરિયતની વિરુદ્ધ ગણાવ્યું

મુંબઇ

અભિનેત્રી સારા અલી ખાન ફરી એકવાર ધાર્મિક કારણોસર ચર્ચામાં આવી છે. ઉત્તરાખંડના પ્રસિદ્ધ કેદારનાથ ધામમાં દર્શન અને પૂજા-અર્ચના કરવા બદલ ઉત્તર પ્રદેશના મૌલાના મુફ્તી શહાબુદ્દીન રઝવી બરેલવીએ તેની સામે ફતવો જાહેર કર્યો છે. મૌલાનાએ સારા અલી ખાનના આ પગલાને ઈસ્લામ અને શરિયતની વિરુદ્ધ ગણાવ્યું છે. તેણે અભિનેત્રીને અલ્લાહ પાસે માફી માગીને તૌબા કરવાની સલાહ પણ આપી છે. અહેવાલ અનુસાર, સારા અલી ખાન 25 ઓક્ટોબર, રવિવારના રોજ કેદારનાથ મંદિર પહોંચી હતી. આ દરમિયાન તે સામાન્ય શ્રદ્ધાળુઓની જેમ દર્શન માટે લાઈનમાં ઊભી રહી હતી. પૂજા-અર્ચના કર્યા બાદ મંદિરની બહાર હાથ જોડીને ઊભેલી તેની તસવીરો પણ સામે આવી હતી. સોશિયલ મીડિયા પર આ તસવીરો અને વીડિયો વાયરલ થયા બાદ તેના ધાર્મિક પ્રવાસને લઈને ચર્ચા શરૂ થઈ હતી. મૌલાના શહાબુદ્દીન રઝવીએ એક વીડિયો નિવેદન જાહેર કરીને આ મામલે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેણે જણાવ્યું હતું કે ઈસ્લામ અને શરિયત અનુસાર કોઈ મુસ્લિમ વ્યક્તિએ અન્ય ધર્મના ધાર્મિક સ્થળે જઈને તે ધર્મની પદ્ધતિ પ્રમાણે પૂજા કરવી યોગ્ય નથી. તેણે આ પ્રકારની પ્રવૃત્તિને શરિયતની દૃષ્ટિએ નાજાયઝ અને હરામ ગણાવી હતી. મૌલાનાએ સારા અલી ખાનને અલ્લાહ સમક્ષ એક ગુનેગારની જેમ માફી માગીને તૌબા કરવાની સલાહ આપી હતી. મૌલાનાએ પોતાના નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે, અનેક મુસ્લિમ યુવકોએ તેને સવાલ કર્યો હતો કે સારા અલી ખાન દ્વારા કેદારનાથ મંદિરમાં પૂજા કરવી શરિયત અનુસાર યોગ્ય છે કે નહીં.

થિયેટર બાદ હવે ઓટીટી પર ભૌકાલ મચાવશે 'મિર્ઝાપુર'

કોફી વિથ કરણ શોમાં રશ્મિકા અને વિજય દેવરકોંડાના નિવેદનોને કારણે વિવાદ સર્જાયો

મુંબઇ

લોકપ્રિય ક્રાઇમ થ્રિલર ફ્રેન્ચાઇઝી 'મિર્ઝાપુર'ના ચાહકો માટે ખુશખબર છે. પંકજ ત્રિપાઠી અને અલી ફઝલની એક્શન-થ્રિલર ફિલ્મ 'મિર્ઝાપુર ધ મૂવી' હવે સિનેમાઘરો બાદ ઓટીટી પ્લેટફોર્મ પર પણ આવી ગઈ છે. ફિલ્મના નિર્માતાઓએ તેની ડિજિટલ રિલીઝની જાહેરાત કરી છે.

જે દર્શકો આ ફિલ્મ થિયેટરમાં જોઈ શક્યા નથી, તેઓ હવે ઘરે બેઠા તેનો આનંદ માણી શકશે. ફિલ્મ 30 ઓક્ટોબર, 2026થી એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થવા લાગી છે. ખાસ વાત એ છે કે ઓટીટી પર ફિલ્મનું એક્સટેન્ડેડ વર્ઝન રજૂ કરવામાં આવ્યું છે. થિયેટરમાં દર્શાવવામાં ન આવેલા કેટલાક વધારાના દ્રશ્યો પણ દર્શકોને જોવા મળશે. પ્રાઈમ વીડિયો દ્વારા તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ શેર કરીને ફિલ્મની રિલીઝની જાહેરાત કરવામાં આવી હતી. પ્રાઈમ વીડિયોએ ફિલ્મના પોસ્ટર સાથે કેપ્શનમાં લખ્યું હતું, 'ભૌકાલ આ ચુકા હૈ, મિર્ઝાપુર ધ મૂવી કો પ્રાઈમ વીડિયો પર દેખેં.' આ જાહેરાત બાદ ચાહકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ફિલ્મના એક્સટેન્ડેડ વર્ઝનને કારણે દર્શકોને મિર્ઝાપુરની દુનિયા સાથે જોડાયેલા વધારાના દ્રશ્યો અને એક્શનનો વધુ અનુભવ મળશે. ફિલ્મની સ્ટારકાસ્ટની વાત કરીએ તો તેમાં પંકજ ત્રિપાઠી, અલી ફઝલ અને દિવ્યેન્દુ શર્મા મુખ્ય ભૂમિકામાં છે. આ ઉપરાંત રસિકા દુગ્ગલ, રવિ કિશન, જિતેન્દ્ર કુમાર, શ્વેતા ત્રિપાઠી, હર્ષિતા ગૌર અને મોહિત મલિક સહિતના કલાકારોએ પણ મહત્ત્વની ભૂમિકાઓ ભજવી છે. કલાકારોના અભિનય અને લોકપ્રિય પાત્રોને કારણે ફિલ્મને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો ફિલ્મે ભારતમાં કુલ 233.73 કરોડ રૂપિયાની કમાણી કરી છે. જ્યારે વિશ્વભરમાં ફિલ્મનું કુલ કલેક્શન 339.84 કરોડ રૂપિયા નોંધાયું છે. થિયેટરોમાં સારી કમાણી કર્યા બાદ હવે ફિલ્મ ઓટીટી પર પણ દર્શકોનું મનોરંજન કરવા તૈયાર છે.



હોલિવૂડના દિગ્ગજ અભિનેતા પેટ્રિક સ્ટુઅર્ટનું 86 વર્ષની વયે નિધન

'એક્સ-મેન'ના પ્રોફેસર ચાર્લ્સ ઝેવિયરના અવસાનથી ફિલ્મજગતમાં શોકની લહેર

મુંબઇ

મુંબઈ: હોલિવૂડ ફિલ્મજગતમાંથી એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. લોકપ્રિય ફિલ્મ ફ્રેન્ચાઈઝી 'એક્સ-મેન'માં પ્રોફેસર ચાર્લ્સ ઝેવિયરની યાદગાર ભૂમિકા ભજવનાર દિગ્ગજ બ્રિટિશ અભિનેતા સર પેટ્રિક સ્ટુઅર્ટનું 86 વર્ષની વયે નિધન થયું છે. તે લાંબા સમયથી અલ્ઝાઈમર રોગ અને લેવી બોડી ડિમેન્શિયા જેવી બીમારીઓ સામે લડી રહ્યો હતો. લોસ એન્જલસ સ્થિત પોતાના નિવાસસ્થાને તેણે અંતિમ શ્વાસ લીધા હતા. પરિવાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદન અનુસાર, અંતિમ સમયે પેટ્રિક સ્ટુઅર્ટ પત્ની સની ઓઝેલ અને પરિવારજનોની હાજરીમાં હતો. તેના અંતિમ દિવસોમાં પરિવાર અને મિત્રો તેની સાથે રહ્યા હતા. તેના નિધનના સમાચાર સામે આવ્યા બાદ હોલિવૂડ સહિત વિશ્વભરના ચાહકોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પેટ્રિક સ્ટુઅર્ટને ખાસ કરીને 'એક્સ-મેન' સિરીઝમાં પ્રોફેસર ચાર્લ્સ ઝેવિયરના પાત્ર માટે વિશ્વભરમાં ઓળખ મળી હતી. વર્ષ 2000માં આવેલી પ્રથમ 'એક્સ-મેન' ફિલ્મથી તેણે આ પાત્ર ભજવવાની શરૂઆત કરી હતી. તેની અભિનયશૈલી, ગંભીર વ્યક્તિત્વ અને સંવાદ રજૂ કરવાની અનોખી છટાએ પ્રોફેસર એક્સના પાત્રને ચાહકોના હૃદયમાં ખાસ સ્થાન અપાવ્યું હતું. આ ઉપરાંત ટેલિવિઝન સિરીઝ 'સ્ટાર ટ્રેક: ધ નેક્સ્ટ જનરેશન'માં કેપ્ટન જીન-લુક પિકાર્ડની ભૂમિકાએ પણ તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી હતી. વર્ષો સુધી પ્રસારિત થયેલી આ સિરીઝમાં તેણે પોતાની અભિનય ક્ષમતાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ અનેક 'સ્ટાર ટ્રેક' ફિલ્મોમાં પણ તેણે આ પાત્ર ભજવ્યું હતું. પેટ્રિક સ્ટુઅર્ટના નિધન બાદ તેમના સહકલાકારો અને ફિલ્મજગતની અનેક હસ્તીઓએ શ્રદ્ધાંજલિ આપી હતી. 'એક્સ-મેન'માં તેમની સાથે કામ કરનાર અભિનેતા હ્યુ જેકમેને સોશિયલ મીડિયા પર ભાવુક સંદેશ લખ્યો હતો.

15 દિવસમાં 'જેલર 2'નો બોક્સ ઓફિસ પર ધમાકો! કમાણીનો આંકડો 700 કરોડને પાર

મુંબઇ

સાઉથ સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મ 'જેલર 2' બોક્સ ઓફિસ પર સતત ભવ્ય દેખાવ કરી રહી છે. ફિલ્મે રિલીઝના માત્ર 15 દિવસમાં જ વિશ્વભરમાં રૂપિયા 765 કરોડથી વધુની કમાણી કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. જોકે, 15મા દિવસે ફિલ્મની કમાણીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. તેમ છતાં ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર રૂપિયા 500 કરોડના ગ્રોસ કલેક્શનનો આંકડો પાર કરી લીધો છે. કમાણીની વિગતે વાત કરવામાં આવે તો, 'જેલર 2'એ રિલીઝના 15મા દિવસે ભારતમાં રૂપિયા 5.90 કરોડની નેટ કમાણી કરી હતી. આ દિવસે ફિલ્મના કુલ 10,313 શો યોજાયા હતા અને તેની ઓક્યુપન્સી 14.8 ટકા નોંધાઈ હતી. અગાઉના દિવસોની સરખામણીમાં ફિલ્મની કમાણીમાં ઘટાડો થયો હોવા છતાં દર્શકોમાં ફિલ્મને લઈને ઉત્સાહ યથાવત્ જોવા મળી રહ્યો છે.

ફિલ્મના અત્યાર સુધીના કુલ કલેક્શનની વાત કરીએ તો, 'જેલર 2' એ ભારતમાં અત્યાર સુધીમાં રૂપિયા 429.55 કરોડનું નેટ કલેક્શન કર્યું છે, જ્યારે ભારતનું ગ્રોસ કલેક્શન રૂપિયા 502.65 કરોડ સુધી પહોંચી ગયું છે. આ સાથે ફિલ્મનું કુલ વર્લ્ડવાઈડ ગ્રોસ



કલેક્શન રૂપિયા 765.15 કરોડ થઈ ગયું છે.

આ ફિલ્મની સફળતામાં તેના કલાકારોના અભિનયનો પણ મોટો ફાળો રહ્યો છે. રજનીકાંત ઉપરાંત ફિલ્મમાં વિદ્યા બાલન, મોહનલાલ અને મિથુન ચક્રવર્તી મહત્વની ભૂમિકામાં જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત બોલિવૂડ અભિનેતા ઋત્વિક રોશન અને સાઉથના જાણીતા અભિનેતા વિજય સેતુપતિની ખાસ ઝલક પણ ફિલ્મમાં જોવા મળે છે. ફિલ્મની સ્ટારકાસ્ટ અને તેમના અભિનયને સોશિયલ મીડિયા પર પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

260 ચેઝ કરી રહેલી ટીમ 87 રનથી હારી, ડફીને 4 વિકેટ, ફિલિપ્સની સેન્ચુરી

ભારતની T20માં ન્યૂઝીલેન્ડ સામે સૌથી મોટી હાર

દુબઇ

ન્યૂઝીલેન્ડે ચોથા T20 મુકાબલામાં ભારતીય ટીમને 87 રનોથી હરાવી દીધું છે. T20 ક્રિકેટમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતની આ સૌથી મોટી હાર છે. આના પહેલાં સૌથી મોટો પરાજય 80 રનનો હતો, જે 2019માં વેલિંગ્ટનમાં નોંધાયો હતો.

ઓકલેન્ડમાં શુક્રવારે 260 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી ભારતીય ટીમ 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 172 રન જ બનાવી શકી. ટીમનો કોઈ પણ બેટર ફિફ્ટી ફટકારી શક્યો નહીં. તિલક વર્માએ સૌથી વધુ 35 રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડ તરફથી જેકબ ડફીએ 4 વિકેટ ઝડપી. આના પહેલાં ન્યૂઝીલેન્ડે શુક્રવારે T20 ઈન્ટરનેશનલમાં પોતાનો સૌથી મોટો સ્કોર બનાવ્યો હતો. ટીમે ટૉસ હારતા પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 7 વિકેટે 259 રન બનાવ્યા હતા. ગ્લેન ફિલિપ્સે 49 બોલ પર 107 રનની શાનદાર સેન્ચુરી ફટકારી હતી, જ્યારે માઈકલ બ્રેસવેલે 25 બોલ પર 65 રનની તોફાની ઈનિંગ રમી હતી. સિરીઝની સ્થિતિ: ભારત 3-1થી આગળ, છેલ્લી મેચ 1 નવેમ્બરે આ હાર છતાં ટીમ ઈન્ડિયા 5 મેચની સિરીઝમાં 3-1થી આગળ છે. આ સિરીઝની પાંચમી અને છેલ્લી મેચ હેમિલ્ટનમાં 1 નવેમ્બરે રમાશે. નાથન સ્મિથની 20મી ઓવરમાં ભારતે 9 રન બનાવ્યા. ભારતીય ટીમ 20 ઓવરમાં 9 વિકેટે માત્ર 172 રન બનાવી શકી. ન્યૂઝીલેન્ડે મુકાબલો 87 રનથી જીતી લીધો. પ્રિન્સ યાદવ 17 બોલમાં 18 અને મયંક યાદવ 4 બોલમાં 3 રન બનાવીને અણનમ રહ્યા. ન્યૂઝીલેન્ડની જીતમાં જેકબ ડફીએ 4 વિકેટ ઝડપી, જ્યારે મિચેલ સેન્ટનરે ભારતીય મિડલ ઓર્ડરને ઝટકા આપ્યા. ભારતે પાવરપ્લેમાં જ 4 વિકેટ ગુમાવી દીધી હતી. મેથ્યુ ફિશરે 19મી ઓવરના ચોથા બોલ પર તિલક વર્માને આઉટ કરી દીધો. તિલકે લેન્થ બોલ પર મોટો શૉટ રમવાની કોશિશ કરી, પણ એડ્જ વાગતા બોલ હવામાં ગયો.

મુંબઈ ઈન્ડિયન્સના કોચિંગ સ્ટાફમાં ફેરફાર

સિડની

મુંબઈ ઈન્ડિયન્સે IPL 2027 પહેલાં પોતાની મેન્સ ટીમના કોચિંગ સ્ટાફમાં ફેરફાર કર્યો છે. ફ્રેન્ચાઈઝીએ લસિથ મલિંગા, પારસ મ્હામ્બ્રે અને કાર્લ હોપકિન્સનના પોતાની-પોતાની ભૂમિકાઓથી અલગ થવાની જાહેરાત કરી છે. ટીમે ત્રણેયને તેમના યોગદાન અને સેવાઓ બદલ આભાર માન્યો. શ્રીલંકાના ભૂતપૂર્વ ઝડપી બોલર લસિથ મલિંગા મુંબઈ ઈન્ડિયન્સ માટે ખેલાડી તરીકે પણ રમી ચૂક્યા છે. તેમણે ટીમની અનેક સફળતાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. નિવૃત્તિ બાદ તેઓ મુંબઈ ઈન્ડિયન્સના બોલિંગ કોચ બન્યા અને ટીમના બોલરો સાથે કામ કર્યું. પારસ મ્હામ્બ્રે ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ બોલિંગ કોચ છે. તેઓ મુંબઈ ઈન્ડિયન્સના કોચિંગ સ્ટાફનો ભાગ રહી ચૂક્યા છે. તેમને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કોચિંગનો અનુભવ છે. કાર્લ હોપકિન્સન મુંબઈ ઈન્ડિયન્સના ફિલ્ડિંગ કોચ તરીકે કામ કરી રહ્યા હતા. તેમની જવાબદારી ખેલાડીઓની ફિલ્ડિંગ સુધારવા અને આ વિભાગને લગતી તૈયારીઓ પર ધ્યાન આપવાની હતી. હવે તેઓ પણ પોતાની ભૂમિકાથી અલગ થઈ ગયા છે. મુંબઈ ઈન્ડિયન્સે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે ત્રણેયનું યોગદાન ટીમ અને સમગ્ર મુંબઈ ઈન્ડિયન્સ પરિવાર માટે મહત્વપૂર્ણ રહ્યું છે. ફ્રેન્ચાઈઝીએ તેમના સમર્પણ, ટીમ સાથે બનાવેલા સંબંધો અને સાથે વિતાવેલા સમયને યાદ કર્યો.

અબ્બાસ અફ્રિદીએ 8 બોલમાં 35 રન બનાવ્યા

હોંગકોંગ સિક્સિસ- પાકિસ્તાને ભારતને 4 વિકેટે હરાવ્યું

ચેન્નઈ

હોંગકોંગ ઈન્ટરનેશનલ સિક્સિસ ટુર્નામેન્ટમાં પાકિસ્તાને ભારતને 4 વિકેટે હરાવ્યું. ભારતે શુક્રવારે પ્રથમ બેટિંગ કરતાં 6 ઓવરમાં 5 વિકેટે 88 રન બનાવ્યા. જવાબમાં પાકિસ્તાને 3.5 ઓવરમાં 2 વિકેટે 91 રન બનાવીને મુકાબલો જીતી લીધો. પાકિસ્તાને 13 બોલ બાકી રહેતાં 89 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો. પાકિસ્તાનની જીતમાં અબ્બાસ અફ્રિદી અને ખ્વાજા નફેએ મહત્ત્વની ભૂમિકા ભજવી. અબ્બાસે 8 બોલમાં 35 રન બનાવ્યા. તેને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કર્યો. નફેએ 12 બોલમાં 41 રનની ઈનિંગ્સ રમી. શશાંક સિંહે 11 બોલમાં 40 રન બનાવ્યા ગ્રુપ-Cના મુકાબલામાં ભારતની શરૂઆત સારી રહી નહોતી. રાહુલ

ત્રિપાઠી 5 બોલમાં 9 રન બનાવીને આઉટ થયો. ત્યારબાદ નીતિશ રાણાએ 14 બોલમાં 19 રન બનાવ્યા. તે રિટાયર્ડ આઉટ થયો. શશાંક સિંહે મેદાનમાં આવતાં જ આક્રમક બેટિંગ કરી. તેણે 11 બોલમાં 40 રન બનાવ્યા. તેની ઈનિંગ્સમાં 2 ચોગ્ગા અને 5 છગ્ગાનો સમાવેશ થયો. શશાંકે નીતિશ રાણા સાથે બીજી વિકેટ માટે 57 રનની ભાગીદારી કરી. જોકે, તેના આઉટ થયા બાદ ભારતીય ઈનિંગ્સ લથડી ગઈ. રાહુલ તેવટિયા અને કેપ્ટન કૃણાલ પંડ્યા ખાતું પણ ખોલી શક્યા નહીં. બંનેને અબ્દુલ સમદે સતત બોલ પર આઉટ કર્યા. ટી. નટરાજને 6 બોલમાં અણનમ 12 રન બનાવ્યા. ભારતે 6 ઓવરમાં 88 રન બનાવ્યા. 89 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલા પાકિસ્તાનના બેટર્સે શરૂઆતથી જ આક્રમક બેટિંગ કરી. ખ્વાજા નફે અને અબ્બાસ અફ્રિદીએ ભારતીય બોલરો પર દબાણ બનાવ્યું. બંનેએ પ્રથમ વિકેટ માટે 2.1 ઓવરમાં 59 રનની ભાગીદારી કરી.

સેહવાગ-દ્રવિડના પુત્રોને અંડર-19 એશિયા કપની ટીમમાં સ્થાન

લક્ષ્ય રાયચંદાની કેપ્ટન; 8 નવેમ્બરે પાકિસ્તાન સામે ટક્કર

મુંબઇ

BCCIએ ACC મેન્સ અંડર-19 એશિયા કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. લક્ષ્ય રાયચંદાનીને ટીમની કમાન સોંપવામાં આવી છે, જ્યારે યશવર્ધન સિંહ ચૌહાણ વાઇસ કેપ્ટન રહેશે. પૂર્વ ભારતીય ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર સેહવાગ અને રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડને પણ 15 સભ્યોની ટીમમાં સ્થાન મળ્યું છે. ટૂર્નામેન્ટ 5થી 14 નવેમ્બર સુધી ઓમાનના મસ્કટમાં રમાશે.

6 નવેમ્બરે નેપાળ સામે પ્રથમ મુકાબલો. ભારત પોતાના અભિયાનની શરૂઆત 6 નવેમ્બરે નેપાળ સામે કરશે. ત્યારબાદ 8 નવેમ્બરે પાકિસ્તાન અને 10 નવેમ્બરે UAE સામે મુકાબલો થશે. ભારતની ત્રણેય ગ્રુપ મેચ મસ્કટની ઓમાન ક્રિકેટ અકાદમીમાં રમાશે.

ભારતીય ટીમને ગ્રુપ-Aમાં રાખવામાં આવી છે. આ ગ્રુપમાં ભારત ઉપરાંત પાકિસ્તાન, નેપાળ અને UAEની ટીમો છે. જ્યારે ગ્રુપ-Bમાં બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને મલેશિયાને સ્થાન મળ્યું છે. બંને ગ્રુપમાંથી ટોચની 2 ટીમો સેમિફાઈનલમાં પહોંચશે. સેમિફાઈનલ મુકાબલા 12 નવેમ્બરે રમાશે, જ્યારે ફાઈનલ 14 નવેમ્બરે યોજાશે. લક્ષ્ય રાયચંદાની (કેપ્ટન), યશવર્ધન સિંહ ચૌહાણ (વાઈસ કેપ્ટન), આર્યવીર સેહવાગ, વીકે વિનીત, કુશાગ્ર ઓઝા, અર્જુન રાજપૂત, મનાલ ચૌહાણ, અન્વય દ્રવિડ



(વિકેટકીપર), રજત બાઘેલ (વિકેટકીપર), વી. યશવીર, આર્યન સાવસાની, મોહિત ઉલ્વા, કાવ્ય પટેલ, શાવિન વિનોદ અને ઈશાન સૂદ. ACC મેન્સ અંડર-19 એશિયા કપની 13મી સિઝન 5થી 14 નવેમ્બર 2026 સુધી ઓમાનમાં રમાશે. તેમાં એશિયાની 8 ટીમો ભાગ લેશે. ટુર્નામેન્ટ 50 ઓવરના વનડે ફોર્મેટમાં યોજાશે. પાકિસ્તાન ગત વખતનું ચેમ્પિયન છે. તેણે 2025ની ફાઈનલમાં ભારતને હરાવીને ખિતાબ જીત્યો હતો.

હેકર્સે બાઇનેન્સમાંથી ₹50,000 કરોડ સફાચટ કર્યા

વિશ્વના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જ BINANCEમાં કરોડોના ડાકાની આશંકા: ક્રિપ્ટો માર્કેટમાં કડાકો

મુંબઇ

દુનિયાનું સૌથી મોટું ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ બાઈનેન્સ હેક થઈ ગયું છે. તેને ઈતિહાસનું સૌથી મોટું ક્રિપ્ટો હેકિંગ માનવામાં આવી રહ્યું છે. કંપનીએ ડિપોઝિટ અને વિડ્રૉલ પર રોક લગાવી દીધી છે. ક્રિપ્ટો નિષ્ણાતો અને એનાલિટિક્સ ફર્મ્સનો અંદાજ છે કે આ હેકિંગમાં 5 બિલિયન ડૉલરથી વધુ એટલે કે આશરે 50 હજાર કરોડ રૂપિયાની ક્રિપ્ટો ચોરી થઈ છે. ઘટના બાદ બિટકોઈન સહિત અન્ય ક્રિપ્ટોકરન્સીમાં 5%થી વધુનો ઘટાડો નોંધાયો છે. બાઈનેન્સના ડિજિટલ લૉકરમાં ઘૂસણખોરી થઈ છે. કોઈ હેકરે બાઈનેન્સની સુરક્ષા

વ્યવસ્થાને તોડીને તેની સિસ્ટમમાં ઘૂસણખોરી કરી અને હજારો કરોડ રૂપિયાના ક્રિપ્ટો કૉઈન્સ ચોરી લીધા. લેણદેણ પર તાત્કાલિક રોક લગાવી: જેવી જ ઘૂસણખોરીની જાણ થઈ, બાઈનેન્સે ગ્રાહકોના નાણાં જમા કરવા અને ઉપાડવા પર તરત જ રોક લગાવી દીધી, જેથી ચોરો વધુ નાણાં ઉપાડી ન શકે.

વળતરની ખાતરી આપી: બાઈનેન્સે પોતાના ગ્રાહકોને ખાતરી આપી છે કે તેમનાં નાણાં સુરક્ષિત છે. જો તપાસમાં ગ્રાહકોને કોઈ નુકસાન થયું હોવાનું સાબિત થશે, તો કંપની તેની ભરપાઈ કરશે. તપાસ શરૂ કરી: કંપનીની સુરક્ષા ટીમો આંતરરાષ્ટ્રીય પોલીસ અને સાયબર નિષ્ણાતો સાથે મળીને હેકર્સને શોધવામાં લાગી છે. ચોરોના નાણાંના માર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે. બાઈનેન્સે અત્યાર સુધી ચોરી થયેલી ક્રિપ્ટો અંગે ખુલાસો કર્યો નથી, પરંતુ ક્રિપ્ટો એનાલિટિક્સ ફર્મ્સે મોટા નુકસાનનો અંદાજ વ્યક્ત કર્યો છે. ગ્લાસનોડ અનુસાર 5.3 અબજ ડૉલર. જ્યારે ચેનાલિસિસ અનુસાર 5.9 અબજ ડૉલર એટલે કે આશરે 50 હજાર કરોડ રૂપિયાની ક્રિપ્ટો ચોરી થઈ છે.

આવક 26% વધીને ₹23,364 કરોડ થઈ

ઇન્ડિગોનું ત્રિમાસિક નુકસાન 27% ઘટ્યું: ₹1,879 કરોડ રહ્યું

એરલાઇન્સ વિમાનો ભાડે લે છે. તેથી ભાડું, વ્યાજ, કર અને અવમૂલ્યનનો ખર્ચ ઘટાડતા પહેલાં કંપનીની વાસ્તવિક કમાણીનું મૂલ્યાંકન કરવા માટે EBITARનો ઉપયોગ થાય છે

મુંબઇ

ઈન્ડિગોની પેરેન્ટ કંપની ઈન્ટરગ્લોબ એવિએશન લિમિટેડનું નાણાકીય વર્ષ 2027ની સપ્ટેમ્બર ત્રિમાસિકમાં નુકસાન 27% ઘટ્યું છે. કંપનીની કોન્સોલિડેટેડ નેટ લોસ 1,879 કરોડ રહી. ગયા વર્ષની આ જ ત્રિમાસિકમાં કંપનીને 2,582 કરોડનું નુકસાન થયું હતું. આ વખતનું નુકસાન 2,063 કરોડના કન્સેન્સસ અંદાજ કરતાં પણ ઓછું રહ્યું.

એટલે કે, બજારના નિષ્ણાતોનું માનવું હતું કે કંપનીને આ વખતે લગભગ 2,063 કરોડનું નુકસાન થશે. પરંતુ જ્યારે પરિણામો આવ્યા, ત્યારે નુકસાન અપેક્ષા કરતાં ઓછું એટલે કે 1,879 કરોડ રહ્યું. નુકસાનમાં ઘટાડા સાથે કંપનીની આવકમાં પણ વધારો થયો છે. આ ત્રિમાસિકમાં કંપનીની આવક 25.9% વધીને 23,364 કરોડ થઈ, જે ગયા વર્ષે આ જ સમયગાળામાં 18,555 કરોડ હતી. સપ્ટેમ્બર ત્રિમાસિક દરમિયાન ઈન્ડિગોનું EBITDAR એટલે કે વ્યાજ, કર, ડિપ્રિસિએશન, એમોર્ટાઈઝેશન અને ભાડા પહેલાંની કમાણી 120.8% વધીને 2,459.9 કરોડ રહી. ગયા વર્ષે આ આંકડો 1,114.3 કરોડ હતો. આ સાથે EBITDAR માર્જિન પણ 6%થી વધીને 10.5% થયું, એટલે કે તેમાં 4.5 ટકા પોઈન્ટનો સુધારો થયો છે. એરલાઈન્સ વિમાનો ભાડે લે છે. તેથી ભાડું, વ્યાજ, કર અને અવમૂલ્યનનો ખર્ચ ઘટાડતા પહેલાં કંપનીની વાસ્તવિક કમાણીનું મૂલ્યાંકન કરવા માટે EBITARનો ઉપયોગ થાય છે. માર્જિન વધવાનો અર્થ એ છે કે કંપનીનો વ્યવસાય અગાઉ કરતાં વધુ અસરકારક બન્યો છે અને તે પોતાની કુલ વેચાણમાંથી અગાઉની સરખામણીએ વધુ હિસ્સો બચત તરીકે જાળવી શકી રહી છે.

સપ્ટેમ્બર 2026ના અંત સુધીમાં ઈન્ડિગોનું કુલ દેવું વાર્ષિક ધોરણે 16.7% વધીને 87,303.1 કરોડ થઈ ગયું છે. એક વર્ષ પહેલાં કંપની પર 74,813.8 કરોડનું દેવું હતું. આ કુલ દેવામાં 55,159.2 કરોડની કેપિટલાઈઝ્ડ ઓપરેટિંગ લીઝ લાયબિલિટી સામેલ છે. ઈન્ડિગોના CEO પીટર અલ્બર્સે પરિણામો અંગે જણાવ્યું કે સપ્ટેમ્બર ત્રિમાસિક સામાન્ય રીતે બિઝનેસની દૃષ્ટિએ ધીમું રહે છે, પરંતુ આ વખતે ઈંધણના ઊંચા ભાવ અને વૈશ્વિક તણાવને કારણે પડકારો વધુ વધી ગયા. તેના કારણે કંપનીને આશરે 1,900 કરોડનું નુકસાન થયું.

સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો

ચાંદી ₹6,678 સસ્તી, આ મહિને ₹37 હજાર ઘટી, 10 ગ્રામ સોનું ₹1.41 લાખે આવ્યું...

મુંબઇ

તહેવારોની સિઝનમાં સોનું-ચાંદી ખરીદનારાઓ માટે સારા સમાચાર છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીના ભાવમાં 6,678 રૂપિયાનો ઘટાડો થતાં તે 1.84 લાખ રૂપિયા પર આવી ગઈ છે, જે ગુરુવારે 1.90 લાખ રૂપિયા હતી. બીજી તરફ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,364 રૂપિયા ઘટીને 1.41 લાખ રૂપિયા પર આવી ગયું છે.

આ મહિને ચાંદીના ભાવમાં 37,029 રૂપિયા અને સોનાના ભાવમાં 7,247 રૂપિયાનો ઘટાડો થયો છે. આ પહેલાં 1 ઓક્ટોબર 2026ના રોજ એક કિલો ચાંદીના ભાવ 2.20 લાખ રૂપિયા અને 10 ગ્રામ સોનાના ભાવ 1.48 લાખ રૂપિયા હતા. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ 2.30 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 3.86 લાખ રૂપિયાના ઑલ ટાઈમ હાઈ પર પહોંચી ગયો હતો. ત્યારથી અત્યાર સુધીમાં ચાંદી 1.96 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે.

બીજી તરફ, 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયો હતો. ત્યારથી અત્યાર સુધીમાં સોનું 35 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. પરિવહન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધે તેમ ભાવ વધે છે.

સેન્સેક્સ 308 પોઈન્ટ વધીને 74,459 પર બંધ

- **નિફ્ટીમાં 116 પોઈન્ટનો ઉછાળો, IT-ફાર્મા શેરોમાં સૌથી વધુ ખરીદી**

મુંબઇ

શેરબજારમાં આજે એટલે કે 30 ઑક્ટોબરે તેજી રહી. સેન્સેક્સ 308 પોઈન્ટની તેજી સાથે 74,459 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 116 પોઈન્ટની તેજી રહી. તે 23,053ના સ્તરે બંધ થયો. IT અને ફાર્મા શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી. શેરબજારમાં 29 ઓક્ટોબરે તેજી રહી હતી. સેન્સેક્સ 905 પોઈન્ટ અથવા 1.24% વધીને 74,151 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ 238 પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. તે 22,937 પર પહોંચી ગયો હતો. રિયલ એસ્ટેટ, FMCG અને બેન્કિંગ શેરોમાં આજે વધુ ખરીદી જોવા મળી હતી.

શેરબજારના બેન્ચમાર્ક સૂચકાંકો સતત ત્રીજા ટ્રેડિંગ સત્રમાં વધ્યા. મોટી કંપનીઓના શેરમાં સતત ખરીદીથી બજારને ટેકો મળ્યો. ખાસ કરીને, IT અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રોમાં અગ્રણી કંપનીઓના શેરમાં મજબૂત ખરીદી જોવા મળી. મુખ્ય ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી IT એ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું, જ્યારે નિફ્ટી ઈન્ડિયા ડિફેન્સે સૌથી નબળું પ્રદર્શન કર્યું. આંતરરાષ્ટ્રીય બજારમાં, બ્રેન્ટ ક્રૂડ ઓઈલ લગભગ 2 ટકાનો વધારો જોવા મળી રહ્યો છે, જે પ્રતિ બેરલ $117 ની ઉપર ટ્રેડ થઈ રહ્યો છે. એશિયન બજારો પણ નબળા છે. કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 4.8 ટકા ઘટ્યો છે.

BRTS કોરિડોર હટાવવાથી ટ્રાફિકની સમસ્યા ઉકેલાશે કે નવી મુશ્કેલી ઊભી થશે?

સાંકડા રસ્તાઓ પરથી BRTS ટ્રેક હટાવવાની માંગણી વચ્ચે સાર્વજનિક વાહનવ્યવહાર સિસ્ટમ પર મોટા સવાલો!

અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદમાં દરરોજ લાખો વાહનચાલકો માટે ટ્રાફિક જામ એક દૈનિક માથાનો દુખાવો બની ગયો છે. ખાસ કરીને પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનું ભારણ સતત વધી રહ્યું છે, ત્યારે હવે એક જ્વલંત ચર્ચાએ જોર પકડ્યું છે કે – ‘શું અમદાવાદમાંથી BRTS (Bus Rapid Transit System) કોરિડોર હટાવી દેવામાં આવે તો જનતાને ટ્રાફિક જામમાંથી મુક્તિ મળી શકે?‘

દિલ્હી દરવાજાથી પ્રેમનાથ/પ્રેમ દરવાજા જેવા કેટલાક અત્યંત સાંકડા અને બોટલનેક બનતા વિસ્તારોમાં AMC (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન) દ્વારા ટ્રાફિક હળવો કરવા BRTS ટ્રેક હટાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

પરંતુ શું આખા શહેરમાંથી BRTS કોરિડોર હટાવવો એ ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ છે કે પછી એક નવું સંકટ? રસ્તાઓ પહોળા થશે અને બોટલનેક દૂર થશે: દિલ્હી દરવાજા, કાલુપુર, નિકોલ, અથવા નારણપુરા જેવા ગીચ વિસ્તારોમાં રસ્તાની મધ્યમાં આવેલો BRTS કોરિડોર સામાન્ય વાહનો (ટૂ-વ્હીલર, કાર, ઓટો) માટે રસ્તો સાંકડો બનાવી દે છે. કોરિડોર હટાવવાથી બંને બાજુ ૨ થી ૩ લેન વધારાની મળી શકે છે. BRTS બસ સ્ટેન્ડ અને જંક્શનો પર જ્યાંથી વાહનોને ટર્ન લેવાનો હોય છે ત્યાં સતત અકસ્માત અને બોટલનેકનું સર્જન થાય છે. કોરિડોર દૂર થવાથી સળંગ રસ્તો મળે તેવી વાહનચાલકોની દલીલ છે.

ખાનગી વાહનોની સંખ્યામાં સતત વધારો: દિવસેને દિવસે અમદાવાદમાં ખાનગી વાહનો વધી રહ્યા છે, જ્યારે BRTS કોરિડોરમાં માત્ર અમુક મિનિટોના અંતરે જ બસો પસાર થાય છે. તેથી મધ્યનો ખાલી પટ્ટો જોઈને વાહનચાલકોમાં રોષ જોવા મળે છે.

રસ્તાઓ પહોળા કરવાથી ટ્રાફિક ઉકેલાતો નથી: ટ્રાફિક એન્જિનિયરિંગના નિષ્ણાતો મુજબ, માત્ર રસ્તા પહોળા કરવાથી વાહનોની સંખ્યા વધુ વધશે. જો સાર્વજનિક પરિવહન (Public Transport) નબળું પડશે તો લોકો વધારે ખાનગી વાહનો રોડ પર લાવશે, જેથી ટ્રાફિક ઘટવાને બદલે બમણો થઈ જશે.

લાખો મધ્યમવર્ગીય મુસાફરોની જીવાદોરી: BRTS એ અમદાવાદના લાખો દૈનિક મુસાફરો, વિદ્યાર્થીઓ, અને નોકરીયાત વર્ગ માટે સૌથી સસ્તું, આરામદાયક અને ઝડપી પરિવહનની સુવિધા છે. જો કોરિડોર હટાવી દેવાય તો BRTS બસો પણ સામાન્ય ટ્રાફિકમાં ફસાઈ જશે અને જાહેર પરિવહન કcollapse થઈ જશે.

મેટ્રો અને BRTSનું ઈન્ટિગ્રેશન: હાલમાં મેટ્રો રેલ અને BRTS એકબીજાના પૂરક તરીકે કામ કરી રહ્યા છે. પર્યાવરણ અને પ્રદૂષણની દ્રષ્ટિએ પણ સિટી બસ સર્વિસ મજબૂત હોવી જરૂરી છે.

અમદાવાદના વિકાસ અને લોકહિત માટે AMC સ્ટેન્ડિંગ કમિટીના બોલ્ડ નિર્ણયો!

પાણી ચોરી સામે લાલ આંખ, કાંકરિયા કિડ્સ સિટીનું આધુનિકીકરણ અને તહેવારોમાં ઊર્જા બચતનો મહત્વનો નિર્ણય

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની સ્ટેન્ડિંગ કમિટીની મહત્વપૂર્ણ બેઠક ચેરમેન કમલેશ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ, નાગરિકોની સુવિધાઓ, જળ સંચય અને મનોરંજનના સ્થળોના આધુનિકીકરણને લઈને અનેક ગંભીર તથા પ્રજાલક્ષી નિર્ણયો પર મંજૂરીની મોહર મારવામાં આવી છે. શહેરમાં શુદ્ધ પીવાના પાણીનો વેડફાટ અટકાવવા અને કાયદેસરના ગ્રાહકોના હિત રક્ષણ માટે સ્ટેન્ડિંગ કમિટીએ કડક વલણ અપનાવ્યું છે. ગેરકાયદેસર કનેક્શન મેળવીને પાણીની ચોરી કરતા અને વાણિજ્યિક વપરાશ કરતા એકમો સામે

સીધી કાયદાકીય કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો છે. તમામ ઝોનમાં ટીમ બનાવીને ગેરકાયદે કનેક્શન કાપવાની ઝુંબેશ તેજ કરાશે. બિનઅધિકૃત રીતે પાણી ખેંચતા કમર્શિયલ એકમો પર ભારે દંડ અને સીલિંગની કાર્યવાહી કરાશે. અમદાવાદનું ગૌરવ ગણાતા કાંકરિયા લેકફ્રન્ટ ખાતે આવેલા બાળકોના પ્રિય ’કિડ્સ સિટી’ને વર્લ્ડ ક્લાસ બનાવવા માટે મોટો નિર્ણય લેવાયો છે. બાળકોમાં સાયન્સ, ટેકનોલોજી અને સ્પોર્ટ્સ પ્રત્યે રસ રુચિ વધે તે માટે કિડ્સ સિટીમાં નવી મનોરંજક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉમેરવા મંજૂરી અપાઈ છે. સ્પેસ એક્સપ્લોરેશન સેન્ટર, ચોકલેટ ફેક્ટરી, ’ખેલો ઈન્ડિયા’ સ્પોર્ટ્સ એકેડમી, રિન્યુએબલ એનર્જી ટેકનોલોજી સેન્ટર, એરોડાયનેમિક્સ એન્ડ ફ્લાઈટ સાયન્સ લેબ તેમજ ડ્રોન લેબોરેટરી જેવી આધુનિક પ્રવૃત્તિઓ શરૂ કરાશે. વીજળીની બચત અને ઊર્જા સંચયના ઉમદા હેતુથી AMC દ્વારા આ વખતે દિવાળી રોશની બજેટમાં મોટો કાપ મુકાયો છે. દર વર્ષે ૧૧૮ સ્થળોએ થતી રોશનીને બદલે આ વખતે માત્ર ભદ્રકાળી મંદિર અને સાબરમતી રિવરફ્રન્ટના ૬ મુખ્ય બ્રિજ સહિત ૭ પસંદગીના સ્થળોએ જ આકર્ષક લાઈટિંગ કરાશે.

નારણપુરામાં ધોળે દહાડે તસ્કરોનો નાપાક ઈરાદો નિષ્ફળ

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ અને ધમધમતા નારણપુરા વિસ્તારમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. તહેવારોની મોસમ નજીક છે ત્યારે નાગરિકોની ઊંઘ હરામ કરવા માટે તસ્કરો સક્રિય થયા છે, પરંતુ નારણપુરાના જાગૃત રહીશોએ પોતાની સતર્કતા અને બહાદુરીના બળે ચોરની ચાલ નાકામ કરી દીધી છે. નારણપુરા વિસ્તારમાં આવેલા ’અમી એપાર્ટમેન્ટ’માં ધોળે દહાડે ચોરીને અંજામ આપવાના ઈરાદે ઘૂસેલા એક ચાલાક ચોરને સ્થાનિક રહીશોએ ભેગા મળીને ઝડપી લીધો હતો અને પોલીસને સોંપી દીધો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે બજારો અને સોસાયટીઓમાં ખરીદી અને ઉત્સવનો માહોલ છે. આ જ બાબતનો ફાયદો ઉઠાવીને અસામાજિક તત્વો અને ઘરફોડ ચોરો સક્રિય બન્યા છે. નારણપુરાના જાણીતા અમી એપાર્ટમેન્ટમાં બપોરના સુમારે એક અજાણ્યો શંકાસ્પદ ઈસમ ચોરી કરવાના ઈરાદે ઘૂસી ગયો હતો.

ઊર્જા કટોકટી વચ્ચે AMC દ્વારા રોશનીના આયોજનમાં મોટો કાપ

118 સ્થળોને બદલે હવે માત્ર 7 જ સ્થળોએ ઝગમગશે રોશની

અમદાવાદ

પ્રકાશના પર્વ દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે રંગબેરંગી રોશનીથી ઝગમગી ઉઠતા અમદાવાદ શહેરમાં આ વખતે નજારો કંઈક અલગ અને સાદા સ્વરૂપમાં જોવા મળશે. રાજ્યમાં પ્રવર્તમાન ઊર્જા કટોકટી અને વીજળી બચાવવાના હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા આ વર્ષે દિવાળીની સજાવટ અને ડેકોરેટિવ લાઈટિંગમાં અત્યાર સુધીનો સૌથી મોટો કાપ મૂકવાનો સત્તાવાર અને ચોંકાવનારો નિર્ણય લેવામાં આવ્યો છે. AMC સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવાયેલા આ નિર્ણય મુજબ, દર વર્ષે શહેરમાં અંદાજે ૧૧૮ જેટલા અલગ-અલગ સ્થળોએ થતી ભવ્ય રોશનીને મર્યાદિત કરીને આ વખતે માત્ર ૭ જ મહત્વના સ્થળો પૂરતી સીમિત કરી દેવામાં આવી છે. રાજ્યમાં વીજ વપરાશને નિયંત્રિત કરવા અને ઊર્જા બચાવવા માટે તંત્ર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. અગાઉ AMC દ્વારા દિવાળીના તહેવારો નિમિત્તે શહેરના ઓવરબ્રિજ, અંડરપાસ, મુખ્ય ટ્રાફિક સર્કલો, હેરિટેજ દરવાજાઓ, એસ.જી. હાઈવે, સિંધુ ભવન રોડ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનની વિવિધ કચેરીઓ સહિત કુલ ૧૧૮ સ્થળોએ

આકર્ષક લાઈટિંગ કરવામાં આવતું હતું. જેના કારણે પાલિકાની તિજોરી પર અંદાજે ૯૨ લાખ રૂપિયા જેટલો મોટો ખર્ચ થતો હતો. પરંતુ આ વર્ષે વીજ કટોકટી અને આર્થિક નિયંત્રણોના ભાગરૂપે આ બજેટ ઘટાડીને માત્ર ૭ લાખ રૂપિયાની આસપાસ કરી દેવામાં આવ્યું છે અને માત્ર ૭ જ સ્થળોને રોશની માટે પસંદ કરાયા છે. AMCના નવા આયોજન મુજબ, આ વર્ષે શહેરના મોટાભાગના વિસ્તારો અંધારામાં અથવા સાદી રોશનીમાં રહેશે, જ્યારે માત્ર નીચે મુજબના ૭ સ્થળોએ જ દિવાળીનો ઝગમગાટ જોવા મળશે.

સંક્ષિપ્ત સમાચાર

દિવાળી વેકેશનમાં વધુ હોમવર્ક ન આપવા શાળાઓને સૂચના: અમદાવાદ DEOએ પરિપત્ર કર્યો

દિવાળી વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ હોમવર્કના બોજ હેઠળ ન દબાય તે માટે પણ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલોને પરિપત્ર કરવામાં આવ્યો છે. જે અનુસાર વિદ્યાર્થીઓ પરિવાર સાથે આનંદમય રીતે તહેવારો ઉજવી શકે તે માટે વધુ હોમવર્ક ન આપવા સ્કૂલઓને કડક સૂચના આપવામાં આવી છે. વેકેશનમાં હોમવર્ક વધુ આપવામાં આવતું હોવાથી વિદ્યાર્થીઓ તહેવાર સારી રીતે ઉજવી શકતા નહતા. જેથી વેકેશન દરમિયાન સ્કૂલઓએ વિદ્યાર્થીઓને કંટાળાજનક અને વારંવાર લેખન કરવું પડે તેવા હોમવર્ક કે ખૂબ જ લાંબા પ્રોજેક્ટ્સ આપવાનું ટાળવા સૂચન કરવામાં આવ્યું છે. એ સાથે જ વીજળી અને પાણી બચાવવા દિવાળી વેકેશન પહેલા અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમની 2500 સ્કૂલમાં 9 લાખ વિદ્યાર્થીઓને સમજ આપી લેખિત સંકલ્પ લેવડાવવામાં આવશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓ આનંદથી ઉજવણી કરી શકે તે માટે સ્કૂલોને પરિપત્ર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી ધ્યાને આવ્યું છે કે વિદ્યાર્થીઓ દિવાળી વેકેશન હોમવર્કમાં પસાર કરતા હોય છે. જ્યારે વેકેશન આપવામાં આવતું હોય તો તે સમયમાં હોમવર્ક એક મર્યાદિત હોવું ખૂબ જરૂરી છે.

શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી કરોડોની ઠગાઈ કરનારું આંતરરાષ્ટ્રીય કૌભાંડ ઝડપાયું

ગુજરાત સહિત દેશભરમાં સાયબર ઠગાઈ અને ડિજિટલ અરેસ્ટ તેમજ શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપીને કરોડો રૂપિયા પડાવતી આંતરરાષ્ટ્રીય સાયબર ગેંગ સામે અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસે સપાટો બોલાવ્યો છે. સાયબર ઠગો દ્વારા સામાન્ય નાગરિકો પાસેથી લાખો-કરોડો રૂપિયાની ઠગાઈ કરી તે રકમ બેંક ખાતાઓ દ્વારા વિદેશ (દુબઈ) મોકલવામાં આવતી હોવાનું ખુલ્યું છે. આ હાઈપ્રોફાઈલ સાયબર કૌભાંડમાં પોલીસે ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરીને આખી સિન્ડિકેટની પોલ ખોલી નાખી છે. અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા જે ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે તેમાં (૧) ઈરફાન શેખ, (૨) સોહેબ જોજાવરવાલા, (૩) શહેઝાદ અજમેરવાલા અને (૪) ઈસ્તિયાક રિયાવાલાનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ એક સુવ્યવસ્થિત ચેઈન (Chain) બનાવીને ગૂનાહિત પ્રવૃત્તિને અંજામ આપી રહ્યા હતા અને સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવા માટે બેંક ખાતાઓ ભાડે મેળવીને દુબઈ મોકલતા હતા.

ટેક્સી ડ્રાઈવરના ફોટાનો દુરુપયોગ કરી ફેક ઓલા ID બનાવી: અંકુશ બોડીગાર્ડ પાસે પોલીસ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ શહેરમાં ટેક્સી ડ્રાઈવરના ફોટાનો દુરુપયોગ કરી તેમની સંમતિ વિના અન્ય નામે ફેક ઓલા આઈડી બનાવવાનો કિસ્સો સામે આવ્યો છે. એરપોર્ટ વિસ્તારમાં ટેક્સી ડ્રાઈવરોએ 112 નંબર પર કૉલ કરી પોલીસને જાણ કરી હતી. ભોગ બનનાર રણજીતસિંહે પોતાના ફોટાનો ગેરકાયદે ઉપયોગ કરી ખોટો રેકોર્ડ બનાવવા બદલ મનોજ ચતુર્વેદી ઉર્ફે અંકુશ બોડીગાર્ડ તેમજ અન્ય અજાણ્યા શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. ટેક્સી ડ્રાઈવિંગ કરતા 49 વર્ષીય રણજીતસિંહ દંતાણી અમદાવાદ એરપોર્ટ પર હતા ત્યારે તેમના મિત્રોએ જાણ કરી કે એરપોર્ટ સર્કલ પાસે ઈર્શાદ નામના એક વ્યક્તિના મોબાઈલમાં રણજીતસિંહના ફોટાનો ઉપયોગ કરીને દીપક નામથી એક ફેક પ્રોફાઈલ ચાલી રહી છે. આ IDમાં વાહન નંબર અને ડ્રાઈવિંગ લાયસન્સ નંબર રજીસ્ટર થયેલા હતા. પૂછપરછમાં ઈર્શાદે કબૂલ્યું કે આ ફોન તેના શેઠ મનોજ ચતુર્વેદી ઉર્ફે અંકુશ બોડીગાર્ડનો છે અને તે માત્ર ટ્રીપ લેવા તેનો ઉપયોગ કરે છે. પોલીસને જાણ કરતાં પોલીસ એરપોર્ટ પહોંચી હતી.

વટવામાં વ્યાજખોર પિતા-પુત્ર સામે ફરિયાદ:₹37 લાખ સામે 76 લાખ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી

અમદાવાદ શહેરના વટવા જીઆઈડીસી વિસ્તારમાં રહેતા વેપારીને ધંધાર્થે પિતા પુત્ર વ્યાજખોર પાસેથી 30 ટકા વ્યાજે રૂ. 37.50 લાખ લીધા હતા. તેની સામે રૂ. 37.50 લાખ તેમજ 16 મહિના સુધી દર મહિને રૂ. 4.75 લાખ લેખે કુલ રૂ. 76 લાખ વ્યાજ પેટે રોકડા ચૂકવી દીધા હોવા છતાં, પિતા-પુત્રએ સિક્યોરિટી પેટે લીધેલા 14 કોરા ચેક પરત ન આપી વધુ રૂ. 22.50 લાખની પઠાણી ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી આપી ત્રાસ આપતા હતા. આ મામલે વેપારીએ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જશોદાનગર પુષ્કર હિલમાં રહેતા નિરવ સચાણીયા મોબાઈલ ફોનનો ધંધો કરે છે. અગાઉ દુબઈ તેમના ફ્લેટમાં ભાડે દિપક ભારાણી અને તેમના પિતા વાસુદેવભાઈને રહેતા હોવાથી સંપર્ક થયો હતો. જુલાઈ, 2023માં ધંધા માટે તેમણે પિતા-પુત્ર પાસેથી રૂ.37.50 લાખ 30 ટકા વ્યાજે લીધા હતા. જેની સામે સિક્યોરિટી પેટે નિરવભાઈએ તેમના અ ને તેમની પત્નીના કુલ 14 સહીવાળા કોરા ચેક આપ્યા હતા. ત્યારબાદ નિરવભાઈએ દર મહિને રૂ. 4.75 લાખ લેખે 16 મહિના સુધી નરોડા ખાતે આવેલી દિપક મોટર્સની ઓફિસે જઈ કુલ રૂ. 76 લાખ રોકડા વ્યાજ પેટે ચૂકવી આપ્યા હતા.

અમદાવાદમાં ગાંજાનું મોટું નેટવર્ક ઝડપાયું

રામોલ પોલીસે એક્સપ્રેસ હાઈવે પરથી 8 લાખના મુદ્દામાલ સાથે મોરબીના યુવકને દબોચ્યો

અમદાવાદ

ગુજરાતમાં નશાનો કારોબાર ચલાવતા તત્વો સામે અમદાવાદ શહેર પોલીસે હવે ઝુંબેશ તેજ કરી છે. અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે અને સઘન વાહન ચેકિંગ દરમિયાન ડ્રગ્સની હેરાફેરી કરતા એક શખ્સને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. અમદાવાદના એક્સપ્રેસ હાઈવે પરથી પોલીસે લાખો રૂપિયાની કિંમતના ગાંજાના જથ્થા સાથે મોરબીના એક યુવકની ધરપકડ કરી છે, જેના કારણે ડ્રગ્સ માફિયાઓમાં ભારે હડકંપ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રામોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ એક્સપ્રેસ હાઈવે વિસ્તારમાં સઘન વાહન ચેકિંગ અને પેટ્રોલીંગ કરી રહ્યો હતો. આ દરમિયાન પોલીસને મળેલી બાતમી અને શંકાના આધારે એક શખ્સની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી શંકાસ્પદ અને પ્રતિબંધિત માદક પદાર્થ (ગાંજો) મળી આવ્યો હતો. પોલીસે પકડાયેલા યુવકની કડક પૂછપરછ કરતા તેની પાસેથી જંગી પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો.

પ ક ડ ા યે લ ા આરોપીની ઓળખ ભાવિક મોરડીયા (રહે. મોરબી) તરીકે થઈ છે. પોલીસે તેની પાસેથી અંદાજે ૮ લાખ રૂપિયાની કિંમતનો ૧૬ કિલો જેટલો શુદ્ધ ગાંજાનો જથ્થો કબ્જે કર્યો છે. આટલી મોટી માત્રામાં ગાંજો મળવાથી પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

અમદાવાદમાં SMCનો સપાટો

ચાંદખેડાના 'ચેરીસ કાફે'માં હર્બલ હુક્કાની આડમાં ધમધમતો નિકોટીનનો અડ્ડો ઝડપાયો!

અમદાવાદ, પવન માકન

ગુજરાત પોલીસના સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા રાજ્યભરમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ડ્રગ્સ-હુક્કાબાર સામે સદંતર લાલ આંખ કરવામાં આવી છે. આ કડક અભિયાનના ભાગરૂપે અમદાવાદ શહેરના પોશ ગણાતા ચાંદખેડા વિસ્તારમાં એક મોટી અને આક્રમક કાર્યવાહી કરવામાં આવી છે. ચાંદખેડાના ઝુંડાલ ગરનાળા પાસે ધમધમતા ’ચેરીસ કાફે’ પર SMCની ટીમે અચાનક સપાટો બોલાવીને હર્બલ ફ્લેવરની આડમાં ખાનગીમાં ચલાવવામાં આવતા નિકોટીનયુક્ત હુક્કાબારનો પર્દાફાશ કર્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને ચોક્કસ અને બાતમી મળી હતી કે ઝુંડાલ



ગરનાળા પાસે આવેલા માધવ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ ’ચેરીસ કાફે’ના સંચાલકો દ્વારા યુવાધન સાથે મોટો ખેલ પાડવામાં આવી રહ્યો છે. કાફેમાં આવતા યુવાનોને ’હર્બલ ફ્લેવર’ (Herbal Flavor) નામે આકર્ષિત કરીને વાસ્તવમાં સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક અને પ્રતિબંધિત નિકોટીનયુક્ત તમાકુવાળા હુક્કા પીરસવામાં આવી રહ્યા છે.

આ બાતમીના આધારે SMCની સજ્જ ટીમે કાફે પર અચાનક દરોડો (રેડ) પાડ્યો હતો. પોલીસના અચાનક આગમનથી કાફે સંચાલકો અને ત્યાં હાજર ગ્રાહકોમાં નાસભાગ મચી ગઈ હતી. રૂમની અંદર તપાસ કરતા ખુલાસો થયો કે હર્બલના બોર્ડ મારીને અંદર નિકોટીનનું ઝેર વેચવામાં આવી રહ્યું હતું. SMC દ્વારા કાફેની સઘન ઝડતી લેવામાં આવતા ગેરકાયદેસર પ્રવૃત્તિમાં વપરાતો મોટો મુદ્દામાલ મળી આવ્યો હતો, જેને પોલીસે જપ્ત કર્યો છે: ૧૦ નંગ હુક્કા, ૪૩ નંગ પાઈપ, ૨૮ નંગ હુક્કાના પોટ/બોટલ, ૯૦ નંગ ચીલમ તેમજ અન્ય પ્રતિબંધિત સામગ્રી. પોલીસે આ તમામ મુદ્દામાલ જપ્ત કરીને કુલ રૂ. ૬૨,૧૦૦ ની કિંમતનો સામાન કબજે કર્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI